dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 74 | AD - 2024, Magashirsha Vad- 02 | Tuesday, Dt.17-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર – અમરેલીધામ**



આયોજીત

**15** રંગીલા શ્રી ધનશ્યામ મહારાજ

## પંચદશાબ્દી મહોત્સવ



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ



પ્રેરક : પ.પૂ.સદ્.શ્રી ભક્તિસંભવદાસજી સ્વામી

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

જાહેર આમંત્રણ

તા. ૨૨ થી ૨૮ ડીસેમ્બર–૨૦૨૪



વક્તાશ્રી
પ.પૂ. શાસ્ત્રી
શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી
અમરેલીધામ



વક્તાશ્રી
પ.પૂ. કોઠારી
શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી
સીલ્વરચોક – સુરત

**કથા સમય** સવારે : ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે બપોરે : ૩:૩૦ થી ૭:૦૦ કલાકે

અનેક મહાપુરૂષો તેમજ સમર્થ સંતોના ચરણરજથી પાવન થયેલી સંતભૂમિ અમરેલી શહેરમાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર અમરેલીધામ (પાણી દરવાજા)નાં પંચદશાબ્દી મહોત્સવમાં પધારવા સમસ્ત ધર્મપ્રેમી જનતાને અમારૂ ભાવભર્યુ જાહેર આમંત્રણ છે. તા. ૨૨ થી ૨૮ ડિસેમ્બર સુધી યોજાનાર ભવ્યાતિભવ્ય આ ઉત્સવમાં......

કથા પારાયણ | ઘરસભા | સાંસ્કૃતિક કાર્યક્રમ | ભવ્ય લોકડાયરો | રાસોત્સવ | શાકોત્સવ | મહિલા મંચ | યુવા મંચ | બ્રહ્મકુમારોને યજ્ઞોપવિત | બ્લડ ડોનેશન કેમ્પ | લોકમેળો

**વગેરે અનેક કાર્યક્રમો ભવ્યાતી ભવ્ય યોજાશે માટે તમામ લોકોએ પરિવાર સાથે દિવ્ય કાર્યક્રમોનો લાભ લેવા જરૂર પધારશો.**


લોકેશન માટે

**કથા સ્થળ** હરિકૃષ્ણ ગૌશાળાની સામે, ડો. પીઠડીયા સાહેબની વાડી, ધારી રોડ, અમરેલી. મો. ૯૪૨૯૫ ૫૯૩૨૫

**:: સંપર્ક ::**
મો. ૯૫૩૭૯ ૫૬૬૬૨

સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ YouTube ચેનલ Rangeela Ghanshyam પર થશે

## પ્રથમ માસિક પુણ્યતિથિ એ સહૃદય શ્રધ્ધાંજલી



**સ્વ.પાવન કિશોરભાઈ પટેલ (ભાયાણી)**
**સ્વ.તા.૧૭-૧૧-૨૦૨૪**

સમય જીંદગીનો ઓછો હશે !
કયા ખબર હતી.
વિદાય તારી અણધારી હશે !
કયા ખબર હતી.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયો,
પાપા પગલી પાડતો પાડતો અણધારી વિદાય લઈ ગયો,
અમ હૃદયના ઉંડા ઘાવ દિલમાં આપી ગયો,
એક માસ વિતવા છતા મન હજુ માનવા તૈયાર નથી,
કે તું અમ વચ્ચેથી ઈશ્વરના ચરણોમાં શાશ્વત લીન થઈ ગયો,
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.....

**લી.**

ભરતભાઈ દેવચંદભાઈ ભાયાણી
નિતિન ભરતભાઈ ભાયાણી
લક્ષ્ય મહેશભાઈ ભાયાણી

કિશોરભાઈ દેવચંદભાઈ પટેલ (ભાયાણી)
અરવિંદાબેન કિશોરભાઈ પટેલ
ખુશ્બુ પિયુષકુમાર ગોંડલીયા

ભગવાનભાઈ કેશવભાઈ ભાયાણી
મહેશભાઈ ભગવાનભાઈ ભાયાણી
કિરીટભાઈ ભગવાનભાઈ ભાયાણી

**ભાયાણી પરિવાર**
**સર્જન કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ પરિવાર - રાજુલા**

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી


**તમામ વિભાગના અધિકારીઓને સહકાર આપવા સરપંચ જીવનભાઈ વોરાએ અનુરોધ કર્યો**

# લીલીયામાં ભૂગર્ભ ગટરની કામગીરીને લઈ અધિકારીઓ સાથે બેઠક

લીલીયા,તા.૧૬

લીલીયા મોટા ગ્રામ પંચાયત કચેરી ખાતે ગટર બાબતે સરપંચ જીવનભાઈ વોરા દ્વારા તમામ અધિકારીઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ.ના ઈજનેર, લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ પ્રતિનિધિ તેમજ ફોરેસ્ટ વિભાગના અધિકારી, અમરેલી એસ.ટી. ડેપો મેનેજર, ગુજરાત ગેસ એજન્સીના મુખ્ય અધિકારી બીએસએનએલના કર્મચારી, મારુતિ કન્ટ્રક્શનના પ્રતિનિધિની સાથે મુખ્ય ગટર કામ અંતર્ગત મિટિંગ બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે, ભૂગર્ભ ગટરના કામકાજ દરમિયાન જો પાઈપલાઈનમાં



ભંગાણ થાય તો ગટરના કોન્ટ્રાકટર સાથે સંકલન કરી પાઈપલાઈનનું સમારકામ કરાવવું, તેમજ એસ.ટી.બસને બાયપાસ કરવામાં આવે તો બસ એસ.ટી.પોઈન્ટ પર લાવવી, નડતરરૂપ વૃક્ષ દૂર કરવા વનખાતાએ જરૂરી તપાસ કરી વૃક્ષને દુર કરવું અને જો ભૂગર્ભ ગટરની કામગીરી દરમિયાન વીજપોલ ધરાશાયી થાય તો વીજ અધિકારીઓ દ્વારા તાત્કાલિક વીજપોલની કામગીરી કરવી અને ભૂગર્ભ ગટરની કામગીરી દરમિયાન કોઈ લુખ્ખાગીરી કરે, ખોટી અડચણ કરે તેવા ઈસમો સામે પોલીસ કડક હાથે કામગીરી કરે તે માટે તમામ વિભાગના અધિકારીઓને સરપંચ જીવનભાઈ વોરાએ અનુરોધ કર્યો છે.

# બાબરાના વાંડળીયાથી લુણકી રોડને સુવિધા પથ બનાવવા માટે રૂ. ૪૦ લાખની ફાળવણી

**ગ્રાન્ટની ફાળવણી થવાથી ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી**

બાબરા,તા.૧૬



બાબરા તાલુકાના વાંડળીયાથી લુણકી રોડને સુવિધા પથ (સી.સી. રોડ) બનાવવા માટે રૂ. ૪૦ લાખની રકમ લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ મંજૂર કરાવી છે. આ નવા રોડથી સ્થાનિક લોકો સરળતાથી અવરજવર કરી શકશે.

ખાસ તો ખેડૂતોને પોતાનો પાક માર્કેટ સુધી પહોંચાડવામાં સરળતા રહેશે. આ સાથે જ, આ વિસ્તારનો વિકાસ થવામાં પણ મદદ મળશે. લોકો ધારાસભ્યના આ પ્રયાસને બિરદાવી રહ્યા છે.

# રાજુલામાં મગફળીની ખરીદીમાં બારદાનનો અભાવ, ખેડૂતોમાં રોષ

રાજુલા,તા.૧૬

રાજુલામાં ટેકાના ભાવે સિંગની ખરીદીમાં બારદાનના અભાવને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. જિલ્લાના ૧૧ ખરીદ કેન્દ્રોમાં પૂરતા પ્રમાણમાં બારદાન ન હોવાથી માત્ર ૧૧ ખેડૂતોની મગફળીની ખરીદી થઈ શકી છે. જ્યારે અન્ય કેન્દ્રોમાં હજારોની સંખ્યામાં બારદાન પડેલા છે. આ અંગે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે સિંગની ખરીદી કરવા માટે ત્રણ મહિનાની મુદત નક્કી કરવામાં આવી છે. પરંતુ રાજુલામાં ગુજકોમાસોલ દ્વારા ચાલતા ખરીદ કેન્દ્રોમાં બારદાનની અછતના કારણે ખરીદી પ્રક્રિયા ધીમી ગતિએ ચાલી રહી છે. ૨૬૦૦ જેટલા ખેડૂતોએ નોંધણી કરાવી છે પરંતુ માત્ર ૫૦૦ ખેડૂતોની મગફળીની જ ખરીદી થઈ શકી છે. ખેડૂતોનું કહેવું છે કે, અમરેલી જિલ્લાના અન્ય કેન્દ્રોમાં પૂરતા પ્રમાણમાં બારદાન ઉપલબ્ધ છે પરંતુ રાજુલામાં જાણી જોઈને બારદાનનો જથ્થો ઓછો રાખવામાં આવી રહ્યો છે. ખેડૂતોએ જણાવ્યું કે, ગત વર્ષે રાજુલામાં ૪૨ ખેડૂતો પાસેથી સિંગની ખરીદી કરવામાં આવી હતી અને કર્મચારીઓ રાત્રે પણ કામ કરતા હતા. પરંતુ આ વર્ષે બારદાનના અભાવને કારણે ખરીદી પ્રક્રિયા ધીમી ગતિએ ચાલી રહી છે. ખેડૂતોની આ સમસ્યા અંગે ગુજકોમાસોલના અધિકારીઓને પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, કલકત્તાથી બારદાનની ગાડીઓ આવી રહી નથી. પરંતુ ખેડૂતોએ જણાવ્યું કે, સાવરકુંડલા સંઘમાં હજારોની સંખ્યામાં બારદાન પડેલા છે. આમ, ગુજકોમાસોલના અધિકારીઓ દ્વારા ખેડૂતો સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. ખેડૂતોની માંગ છે કે, સરકાર અને નાફેડ દ્વારા રાજુલામાં બારદાનનો પૂરતો જથ્થો ફાળવવામાં આવે જેથી ખેડૂતોની સિંગ સમયસર વેચાઈ શકે અને તેમને નુકસાન ન થાય છે.

# લીલીયા તાલુકાના અંટાળીયા ખાતે એનએસએસ કેમ્પનું કરાયુ આયોજન

લીલીયા,તા.૧૬

લીલીયા તાલુકાના અંટાળીયા ખાતે મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલય દ્વારા તારીખ ૧૬ ડિસેમ્બર થી તારીખ ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ એમ છ દિવસીય N.S.S કેમ્પનું આયોજન સંસ્થાના પ્રમુખ અરુણભાઈ પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌ



પ્રથમ સંસ્થાના પ્રમુખ અરુણભાઈ પટેલ, માનદ મંત્રી મગનભાઈ વિરાણી, નિયામક બાબુભાઈ ધામત, આચાર્ય હસમુખભાઈ કરડના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પનો પ્રારંભ કરવામાં આવેલ ત્યારબાદ શાળાની વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરેલ. ૬ દિવસ કેમ્પ દરમિયાન શાળાના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા ઘરે ઘરે ફરી જનજાગૃતિ અભિયાન, સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમો કરી લોક જાગૃતિ માટે પ્રયાસો કરશે.

# આવતીકાલે ભુરખીયા હનુમાન મંદિરે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

**કેમ્પનો લાભ લેવા જરૂરી આધાર પુરાવા સાથે આવવુ**

અમરેલી,તા.૧૬

ભુરખીયા હનુમાનજીના મંદિરે બુધવારે ૮૧મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર - મુંબઈના આર્થિક સહયોગથી આગામી બુધવારે તા.૧૮ના રોજ



સવારના ૮ વાગ્યા થી બપોરના ૧૨:૩૦ વાગ્યા સુધી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલી દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન અને ટાંકા વગરના મોતિયોનાં ઓપરેશન કરી આપવામાં આવશે. તેમજ નંબરના ચશ્મા રાહત ભાવે બનાવી આપશે. આ નેત્ર નિદાન કેમ્પનો લાભ લેવા આવનાર નાગરિકોએ આધાર પુરાવા સાથે સમયસર આવવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

# રાજુલામાં બ્રહ્મસમાજ કર્મચારી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન

રાજુલા,તા.૧૬

રાજુલામાં આવેલ ગાંધી બાલમંદિર ખાતે રાજુલા સમસ્ત બ્રહ્મસમાજ કર્મચારી મંડળ



તસવીર : ગોપાલ રાઠોડ

દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. રાજુલા બ્રહ્મસમાજના લોકો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલાના સેંજળ ગામે તલાટી કમ મંત્રીની કારોબારી બેઠક યોજાઈ

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલાના સેંજળ ગામે આજે કારોબારી બેઠક યોજાઈ હતી. દર ત્રણ વર્ષે તલાટી કમ મંત્રીના મંડળની ચૂંટણી આવતી હોય છે ત્યારે આ વર્ષે બિનહરીફ પ્રમુખની વરણી કરવામાં આવી છે ત્યારબાદ પ્રથમ કારોબારી બેઠકમાં પ્રમુખ અર્જુનસિંહ સરવૈયાના આગેવાનીમાં મહામંત્રી, ઉપપ્રમુખ, ખજાનચી, સંગઠન મંત્રી, કાર્યાલય મંત્રી, વિભાગીય મંત્રી, રાજ્ય પ્રતિનિધિ લીગલ એડવાઈઝર, મહિલા મંત્રી, મીડિયા કન્વીનર સહિતની હોદ્દાની



વરણી કરવામાં આવી હતી. આવનારા દિવસોમાં તલાટી કમ મંત્રીના પ્રશ્નોને વાચા આપવા માટે આ બેઠક બોલાવવામાં આવી હતી.



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

# સા.કુંડલામાં આવેલ કાણકિયા કોલેજમાં નિવૃત્ત પ્રોફેસરે સોલાર રુફટોપની ભેટ આપી

સાવકુંડલા,તા.૧૬

સાવકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે સોમવારે "તકતી અનાવરણ"નો કાર્યક્રમ યોજાયો હતો.

કોલેજમાં ૩૮ વર્ષ સુધી



સેવાઓ પ્રદાન કર્યા બાદ વયનિવૃત્ત થયેલ રાજ્યશાસ્ત્રના પ્રોફેસર અને કોલેજના વાઈસ પ્રિન્સિપાલ કે.કે. જાનીએ કોલેજને સોલાર રૂફટોપની કિંમતી ભેટ આપી હતી. આ માટે જાની પરિવાર દ્વારા રૂ. ૫.૫૧ લાખની માતબર રકમનું દાન મળેલ છે. આ અનુસંધાને કોલેજ કેમ્પસ ખાતે સ્મૃતિ સ્વરૂપે આ યોગદાનની તકતીનું અનાવરણ જાની પરિવારના હસ્તે કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલા માનવ મંદિર આશ્રમ દ્વારા ધાબળાનું દાન

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલા માનવ મંદિર આશ્રમ દ્વારા વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરને



૧૭૦ ધાબળાનું દાન આપવામાં આવ્યું છે. માનવ મંદિરના સેવક અને ન્યૂજર્સી, અમેરિકા રહેતા કિશોરભાઈ પટેલ તથા ભક્તિરામબાપુના સુપુત્ર રાઘવબાપુના વરદ હસ્તે આ કંબલ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. પ્રકાશ કટારીયાને અર્પણ કરવામાં આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**ઉના-//તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-**

કેસ -નં.૧૪૬/૨૦૨૪

અરજદાર :- શ્રી લસમબેન વા/ઓ મનોજભાઈ સોલંકી
રે.નવાબંદર,તા.ઉના
-: વિરૂધ્ધ :-
સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. નવાબંદર ,તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના નવબંદર ગામના રહીશશ્રી લસમબેન વા/ઓ મનોજભાઈ સોલંકીએ તેઓના માતાશ્રી રાણીબેન મોહનભાઈ સોલંકી મરણ તા.૨૦/૦૭/૧૯૭૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ ક્લીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવત્તાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**યુવાનના આપઘાતથી પરિવારમાં શોકનો માહોલ, હીરાની મંદીએ વધુ એકનો ભોગ લીધો**

# લીલીયા પંથકના રત્નકલાકારે સુરતમાં ઝેરી દવા પી આપઘાત કર્યો


**હીરામાં મંદી હોવાથી હાર્દિક ગાજીપરાની નોકરી છૂટી ગઈ હતી**

સુરત,તા.૧૬

મૂળ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના વતની અને હાલમાં સરથાણા ગઢપુર રોડ પર જય રણછોડ નગરમાં રહેતા ૨૮ વર્ષીય હાર્દિક ચતુરભાઈ ગાજીપરા, હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે નોકરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા હતા. હીરામાં મંદીને કારણે હાર્દિકની નોકરી છૂટી ગઈ હતી. જેથી, તે ટેન્શનમાં આવી બીમાર થઈ ગયો હતો અને તેની બીમારીની દવા પણ ચાલતી હતી. હાર્દિક માનસિક તણાવમાં ઘરમાં પરિવારની સામે મને દવા અથવા પૈસા આપોનું રટણ કરતો હતો. ગઈકાલે સાંજે હાર્દિકે ઘરે ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેને ઊલટી થઈ હતી. જેથી, પરિવારજનોને ઝેરી દવા પીધી હોવાની જાણ થતાં હાર્દિકને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન હાર્દિકનું મોત નિપજ્યું હતું. પોલીસ તપાસમાં હાલ હીરામાં મંદીને કારણે નોકરી છૂટી જવાને કારણે માનસિક તણાવમાં આવી હાર્દિકે આપઘાતનું પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

# ધારી તાલુકાના ઝર ગામે સમ્પમાં દીપડો ઘૂસી જતા રેસ્ક્યુ કરાયુ

**વનતંત્રએ મહામહેનતે દીપડાને બહાર કાઢતા લોકોએ હાશકારો અનુભવ્યો**



અમરેલી, તા.૧૬

ધારીના ઝર નજીક આવેલ પાણીનાં સમ્પમાં ગઈકાલે રાત્રીના સમયે દીપડો ઘૂસી આવતા અફડા-તફડી મચી જવા પામી હતી. વનતંત્રને જાણ કરતા વન વિભાગ દ્વારા દીપડાને સમ્પમાંથી બહાર કાઢવામાં આવેલ હતો. આ બનાવમાં જાણવા મળતી વિગત ગીર પૂર્વ વન વિભાગ ધારીના ઝર નજીક આવેલ ગામડાઓમાં પીવાનું પાણી પુરૂ પાડતા એક પાણીના સમ્પમાં ગઈકાલે રાત્રીના સમયે એક ૧૨ વર્ષની ઉંમરનો દીપડો ઘૂસી જતા અફડાતફડી મચી જવા પામી હતી. વનતંત્રને જાણ કરતા વન વિભાગે દીપડાનું રેસ્કયુ કરી આજે વહેલી સવારે ૮.૧૫ કલાકે સમ્પમાંથી બહાર કાઢ્યો હતો. દીપડો સહીસલામત રીતે સમ્પમાંથી બહાર નીકળતા લોકોએ પણ હાશકારો અનુભવ્યો હતો.


# ગોપાલભાઈ ચમારડીની ઓફિસે શેરનાથ બાપુની થઈ પધરામણી



અમરેલી,તા.૧૬

સુરત ખાતે ગોપાલભાઈ ચમારડીની ઓફિસે શેરનાથ બાપુની પધરામણી થતા ગોપાલભાઈ વસ્તપરા, છગનભાઈ ઢોલરીયા, જયંતીભાઈ પાઘડાળ તેમજ રચના ગ્રુપના અરવિંદભાઈ ઢોલરીયાએ આશીર્વાદ મેળવ્યા હતા.

# લોકસાહિત્ય સેતુની ૧૨૧મી બેઠક તાત્કાલિક હનુમાન મંદિરે યોજાઈ



અમરેલી,તા.૧૬

પ.પૂ. મોરારીબાપુના આશીર્વાદ અને ડો. પ્રતાપભાઈ પંડ્યાના આર્થિક સહયોગથી લોકસાહિત્ય સેતુ સંસ્થાની ૧૨૧મી બેઠક અમરેલીમાં હનુમાનપરા રોડ ખાતેના તાત્કાલિક હનુમાનજી મંદિરના હોલમાં યોજાઈ હતી. આ બેઠક માટે પરમ પૂજ્ય ઉદયગીરીબાપુએ આમંત્રણ આપ્યું હતું. બેઠકના પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ જોશીએ કલાકારો સર્વ દિનેશભાઈ, ઉર્વશીબેન બારોટ, બીનાબેન શુક્લ, રમેશભાઈ જાદવ, કેવિનભાઈ રોકડ, ચંદ્રકાંતભાઈ બારોટને આવકાર્યા હતા. આ કલાકારોએ સંતવાણી, લોકગીત, દુહા, છંદ વગેરે રજૂ કર્યા હતા. આ બેઠકમાં લોકસાહિત્ય સેતુના મંત્રી ગોવર્ધનભાઈ સુરાણી, ચંદ્રકાંતભાઈ વ્યાસ, તરુલતાબેન વ્યાસ, રજનીભાઈ ભટ્ટ (જાણીતા જ્યોતિષી) તેમજ હનુમાન પરા વિસ્તારના લોકો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અમરેલી શહેરમાં રસ્તાનું પેચવર્ક કરાવતા આગેવાનનું સન્માન કરાયું



અમરેલી,તા.૧૬

અમરેલીના વોર્ડ નં.૭માં ચાંદની ચોક વિસ્તારમાં છેલ્લાં બે મહિના કરતા વધારે સમયથી કેમેરા નાખવા બાબતે રસ્તાને તોડવામાં આવ્યો હતો. જેના કારણે વિસ્તારવાસીઓ ભારે હાલાકીનો સામનો કરતા હતા. આ બાબતે અજીતભાઈ ગોરીએ આગેવાન રાજુભાઈ બીલખીયાને રજૂઆત કરતા રસ્તાનું તાત્કાલિક પેચવર્ક કરવામાં આવતા રાજુભાઈ બીલખીયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

# તું મને ઈંટોના ભઠ્ઠામાં સરખો ભાગ દેતો નથી કહી ભાઈએ સગા ભાઈને ધમકી આપી

**અમરેલી શહેરમાં બનાવ બન્યો**

અમરેલી, તા.૧૬

અમરેલી શહેરમાં રહેતા એક ભાઈએ તેના સગા ભાઈને તું મને ઈંટોના ભઠ્ઠામાં સરખો ભાગ દેતો નથી તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બનાવ અંગે મહેશભાઈ રવજીભાઈ ગોંડલીયા (ઉ.વ.૪૪)એ અરવિંદભાઈ રવજીભાઈ ગોંડલીયા, દયાબેન અરવિંદભાઈ ગોંડલીયા, ધરતીબેન અરવિંદભાઈ ગોંડલીયા, નેહાબેન અરવિંદભાઈ ગોંડલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અરવિંદભાઈ ગોંડલીયાએ તેમને તું મને ઈંટના ભઠ્ઠામાં સરખો ભાગ દેતો નથી, તેનું મનદુ:ખ રાખી ગાળો આપી હતી. તેમજ લાકડી વડે માર માર્યો હતો અને ઢીકાપાટુ મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.


પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

સંકુલ ઓછી ફી
સારૂ શિક્ષણ
સારી વ્યવસ્થા
ઉચ્ચ પરિણામ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૭૨૭૨૧ થી ૨૬ - Ad083

ડાઈનીંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમાં એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788, 8200268079

ઉત્સવ મીની મીલનું ફક્ત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
Raj Unisex Saloon Since:1996
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# સા.કુંડલાના ધાર અને પિયાવા વચ્ચેના માર્ગનું કામ શરૂ નહી થતા પ્રતાપ દુધાતે કથા કરી

અમરેલી,તા.૧૬

સાવરકુંડલા તાલુકાના ધાર અને પિયાવા વચ્ચે ૫ કિલોમીટરનો માર્ગ ૨૦૨૨માં મંજૂર થયો હતો. ત્યારબાદ પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત દ્વારા ખાતમુહૂર્ત કર્યા બાદ ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી હતી. ભાજપના વર્તમાન ધારાસભ્યને ૨ વર્ષ પૂર્ણ થયા છતાં રોડ હજુ સુધી બન્યો નથી. જેની નારાજગી સાથે આજે



પ્રતાપભાઈ દુધાતે સ્થાનિક લોકો સાથે હનુમાન મંદિરના પટાંગણમાં સત્યનારાયણની કથા યોજી અને નવતર વિરોધ સરકાર સામે દર્શાવ્યો હતો. પ્રતાપભાઈ દુધાત અને ગ્રામજનોએ રામધૂન બોલાવી પૂજા અર્ચના કરી રોડ બનાવવા માટે સત્તાધીશોને જગાડવા માટેનો પ્રયાસ કર્યો હતો. ભગવાન સરકારને સદબુધ્ધિ આપે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. જ્યારે ૧૫ વર્ષથી રોડ અત્યંત બિસ્માર હોવાને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નાના મોટા અકસ્માતની ઘટનાઓ પણ સામે આવી રહી છે, જેના કારણે લોકો વધુ પરેશાની ભોગવી રહ્યા છે.

# લાઠીના દેરડી (જાનબાઈ) ગામે ત્રણ મકાનોને નિશાન બનાવતા નિશાચરો

**પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવા ગામ લોકોની માંગ**

લાઠી, તા.૧૬

લાઠીના દેરડી (જાનબાઈ) ગામે અજાણ્યા ચોર ઈસમો ત્રાટક્યા હતા અને અનાજ ભરવાની પેટીમાં રાખેલા રોકડા ૧,૨૨,૦૦૦ સહિત કુલ ૧,૭૪,૦૦૦ની ચોરી કરી હતી. પરશોત્તમભાઈ ઉર્ફે ઘુઘો ભુપતભાઈ જીંજરીયા (ઉ.વ.૩૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતાજીના રહેણાંક મકાને બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાથી સાડા ચાર વાગ્યા દરમિયાન ચોર ઈસમ વંડી ટપી બન્ને રૂમના દરવાજાના તાળા તોડી રૂમમાં રાખેલ પતરાની તીજોરીના લોક તોડી તીજરીમાં રાખેલ સોનાની બુટી એક જોડી અને રોકડા રૂ.૪૦,૦૦૦, ધીરૂભાઈ બીજલભાઈ બારૈયાના રહેણાંક મકાનની વંડી ટપી રૂમનું તાળું તોડી રૂમમાં રાખેલ લાકડાના પટારામાંથી, અનાજ ભરવાની પેટીમાંથી એક જોડી સોનાના કાપ તેમજ રોકડ રૂ.૩૦,૦૦૦, લક્ષ્મીબેન રવજીભાઈ ભગવાનભાઈ પરમારના રહેણાંક મકાનની વંડી ટપી એક રૂમનું તાળુ તોડી રૂમમાં રાખેલ અનાજ ભરવાની પેટીમાં સાહેદે રાખેલ રોકડ રૂ.૪૫,૦૦૦ તેમજ તેમના દીકરાની દીકરી કિંજલબેને પાકીટમાં રાખેલ રોકડ રૂ.૭,૦૦૦, સોનાના દાગીના તથા રોકડ રૂ.૧,૨૨,૦૦૦ મળી કુલ રૂ.૧,૭૪,૦૦૦ના મુદ્દામાલની કોઈ અજાણ્યા ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

# રાજુલાના ધારેશ્વર ગામે પતિએ પત્નીને ત્રાસ આપ્યો

**પિયર પરત ફરીને પોલીસ ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૧૬

રાજુલાના ધારેશ્વર ગામે રહેતી એક પરિણીતાને સાસરિયાએ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી પિયર પરત ફર્યા બાદ તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. હાલ જાફરાબાદના ફાચરિયા ગામે રહેતા મનીષાબેન હસમુખભાઈ દાફડા (ઉ.વ.૨૭) એ ધારેશ્વર ગામે રહેતા હસમુખભાઈ હરીભાઈ દાફડા, હંસાબેન હરીભાઈ દાફડા તથા હરીભાઈ તેજાભાઈ દાફડા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના લગ્નજીવન દરમિયાન આરોપીએ ભેગા મળી ઘરકામ બાબતે ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનના વિદ્યાર્થીઓએ શીતલ આઈસ્ક્રીમ કંપનીની મુલાકાત લીધી

**અભ્યાસ સાથે વ્યવહારુ જ્ઞાન મેળવવાનું ઉત્તમ ઉદાહરણ**

અમરેલી, તા.૧૬

શ્રીજી વિદ્યાર્થી ભુવનના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ અમરેલીની નામાંકિત શીતલ આઈસ્ક્રીમ કંપનીની મુલાકાત લઈને એક અનોખો અનુભવ મેળવ્યો છે.



આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ અભ્યાસ સાથે જોડાયેલ વ્યવહારુ જ્ઞાન મેળવ્યું છે અને ભવિષ્યમાં આગળ વધવા માટે પ્રેરણા મેળવી છે. શીતલ કુલ પ્રોડક્ટ્સના માલિક દિનેશભાઈ ભુવા અને હાર્દિકભાઈ ભુવાએ વિદ્યાર્થીઓને કંપનીના વિવિધ વિભાગોની મુલાકાત કરાવી અને તેમને કાર્ય પ્રક્રિયા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. શ્રીજી વિદ્યાર્થી ભુવનના સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ શીતલ કુલ પ્રોડક્ટ્સના માલિકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓને આવી મુલાકાતોથી ઘણો લાભ થશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# જાફરાબાદના કેરાળા ગામેથી તીનપત્તી રમતાં પાંચ ઝડપાયા

**પોલીસે રૂા.૩૧૧૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો**

જાફરાબાદ, તા.૧૬

જાફરાબાદના કેરાળા ગામેથી પોલીસે પાંચ જુગારીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડા ૩૧૧૦ રૂપિયા મળી આવ્યા હતા. વશરામભાઈ પાંચાભાઈ બાંભણીયા, દિનેશભાઈ કાળુભાઈ સાંખટ, છગનભાઈ ભીખાભાઈ મકવાણા, મુકેશભાઈ મોહનભાઈ મકવાણા તથા લખમણભાઈ અરજણભાઈ બાંભણીયા હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૩૧૧૦ સાથે ઝડપાયા હતા. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એમ. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન પાસે લુખ્ખાઓએ ફિલ્મી સ્ટાઈલમાં યુવકને ફટકાર્યો

**કમર બેલ્ટ વડે ફટકારી ઢીકાપાટુ માર્યા**

અમરેલી, તા.૧૬

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન પાસે એક યુવકને ફિલ્મી સ્ટાઈલમાં ફટકારવામાં આવ્યો હતો. બનાવ અંગે જગતભાઈ નંદલાલભાઈ જેઠવા (ઉ.વ.૨૪)એ સ્વીફ્ટ નંબર જીજે ૧૪ બીડી ૩૫૦૪ના ચાલક તથા ૮ થી ૯ અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની કાર લઈ રૂમે જતા હતા ત્યારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન આગળ સ્વીફ્ટ કાર GJ-૧૪-BD-૩૫૦૪ નો ચાલક રોડ ક્રોસ કરવા જતો હતો. જેથી તેમણે સ્વીફ્ટ કારના ચાલકને ગાડી જોઈને હકાવવાનું કહેતા ઉશ્કેરાઈ ગાડી નીચે ઉતરી જેમ ફાવે તેમ ગાળો આપી હતી તેમજ કોલર પકડી બે ત્રણ ઝાપટ મારી હતી. આરોપીએ ફોન કરી અન્ય આરોપીઓને બોલાવતા કુલ ૮ થી ૯ માણસો આવ્યા હતા અને ગેરકાયદે મંડળી રચી તેમને તથા સાહેદને ઢીકાપાટુનો તથા કમર બેલ્ટ વડે માર મારી હુલ્લડ કર્યું હતું. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# નીલવડા અને સૂર્યપ્રતાપગઢ ગામ પાસે અકસ્માતમાં બે લોકોના મોત

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં વધુ બે લોકોના માર્ગ અકસ્માતમાં મોત થયા હતા. બાબરાના નીલવડા ગામે રહેતા રાજેશભાઈ ગોબરભાઈ ગ્રાંભડીયા (ઉ.વ.૩૦)એ અજાણ્યા વાહનચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટાભાઈ સુરેશભાઈ ગોબરભાઈ ગ્રાંભડીયા (ઉ.વ.૩૫) સનેડામાં કપાસ ભરીને જતા હતા ત્યારે બાબરા નજીક ઈંટોના ભઠ્ઠા પાસે પહોંચતા અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી હતી. જેમાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત નિપજ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ આર. વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. સૂર્યપ્રતાપગઢ ગામે રહેતા નાનટીબેન સુરમનભાઈ બારેલા (ઉ.૨૯)એ અજાણ્યા ફોરવ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિ અનિડા ગામે ઘઉં દળાવવા ગયા હતા અને ત્યાંથી પરત આવતા હતા ત્યારે ખાખરીયા ગામ જવાના રોડ પર અજાણ્યા વાહન ચાલકે તેમના પતિને ટક્કર મારતાં પડી ગયા હતા. જેમાં તેમને ઈજા થતાં મોત થયું હતું. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી. કલસરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાંથી નશામાં ચૂર થઈને ફરતાં ૩૭ ઝડપાયા

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં ચૂર થઈને ફરતાં ૩૭ ઈસમોને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. આરોપીઓ પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. બાબરા-કરિયાણા રોડ પરથી દેશી દારૂ બનાવવાનો ૨૧૦ લીટર આથો ઝડપાયો હતો. જિલ્લામાં સાત મહિલા સહિત ૨૯ લોકો પાસેથી ૧૧૦ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. જાફરાબાદના વઢેરા ગામેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨ બોટલ તથા દાતરડી ગામેથી પણ ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂની ૨ બોટલ મળી આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ:બીજ
તા. ૧૭-૧૨-૨૦૨૩, મંગળવાર, સૂર્યોદય-૦૭:૦૭,
સૂર્યાસ્ત-૦૫:૨૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૧૭-૧૨-૨૦૨૩ મંગળવાર

મેષ: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે.

વૃષભ: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

મિથુન: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે.

ધન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.

મકર: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

કુંભ: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

મીન: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.













તંત્રી લેખ

# હેટ ક્રાઇમ

હેટ ક્રાઈમ એટલે કોઈ વ્યક્તિ સામે તેની જાતિ, ધર્મ, લિંગ, જાતીય અભિગમ, રાષ્ટ્રીયતા અથવા અન્ય કોઈ ઓળખના આધારે થતો ગુનો. આ પ્રકારના ગુનાઓમાં હિંસા, મારકૂટ, ધમકીઓ, અપમાન અને ભેદભાવ જેવા કૃત્યો સામેલ હોઈ શકે છે. આજની તારીખે બાંગ્લાદેશ, પાકિસ્તાન, કેનેડા, અમેરિકા અને બ્રિટનમાં હિન્દુઓ સામે જે તિરસ્કારની લાગણીનું પ્રમાણ વધી રહ્યું છે જેને કારણે હિન્દુઓ સામે હિંસાખોરી વધી રહી છે. આવી જ રીતે અમેરિકામાં પણ ભારતીયો સામે હિંસાનું પ્રમાણ વધી રહ્યું છે. ભારતીયો જે રીતે અમેરિકાના વિજ્ઞાન, ટેકનોલોજી, તબીબી જગત, બેન્કિંગ, મેનેજમેન્ટ, એન્જિનિયરિંગ અને રાજકારણમાં પ્રગતિ સાધી રહ્યા છે તેને કારણે પણ ભારતીયો માટે અમેરિકનોમાં ઈર્ષાનું પ્રમાણ વધી રહ્યું છે. અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ આ વખતે હિન્દુઓના મત મેળવી શક્યા છે. કમલા હેરિસ ભારત અને હિન્દુ વિરોધી તેમજ કાશ્મીર મુદ્દા પર પણ એન.જી.ઓ. પ્રકારની વિચારધારા ધરાવે છે. જ્યારે ટ્રમ્પ ભારતમાં પણ કોઈ નેતા ખુલ્લેઆમ પ્રચાર રેલીમાં બોલવાની હિંમત ન કરે તેમ ખોંખારીને કહી ચૂક્યા છે કે 'હું અમેરિકામાં રહેતા હિન્દુઓનું અને બાંગ્લાદેશમાં અત્યાચારનો ભોગ બનતા લઘુમતીઓ( હિન્દુ)નું રક્ષણ કરીશ.' ટ્રમ્પ પ્રમુખપદે ચૂંટાતા જ એવું મનાય છે કે કેનેડાના જસ્ટિન ટુડોને કડકાઈથી ખાલિસ્તાન તરફી હવા ઊભી કરવા બદલ ઠપકો આપવામાં આવશે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે 'ભારતીયો અમેરિકાના વિકાસમાં કેટલું યોગદાન આપી રહ્યા છે તે હું જાણું છું. હું ભારતના આવા શિક્ષિતો અને ટેકનોક્રેટ્સ કઈ રીતે નિશ્ચિંત બની અમેરિકા જોડે જ જોડાયેલા રહે તેવી સિસ્ટમ ગોઠવવા કે નીતિ વિષયક નિર્ણય લેવા કટિબદ્ધ રહીશ.' હવે જોવાનું એ રહે છે કે આ માત્ર ચુનાવી વાયદો જ રહે છે કે ખરેખર ટ્રમ્પ નક્કર નિર્ણયો લેશે. જો કે મહત્વના નિર્ણય લેતી ટીમમાં ભારતનું હિત ધરાવનારને જ પસંદ કર્યા છે. ટ્રમ્પની ટીમ જ આગામી ચાર વર્ષ અમેરિકા અને વિશ્વના ભાવિનો આકાર ઘડશે. ચીન, ઈરાન અને તેના સમર્થક દેશોની લશ્કરી અને વ્યાપારિક પહોંચ વેતરવા માટે આ ટીમની રચના કરવામાં આવી છે. અમેરિકામાં ભારતીય પ્રત્યે જે હિંસા રહી છે તેના મૂળ કારણોમાં ઈર્ષાભાવ મુખ્ય છે. હેટ ક્રાઈમના શિકાર બનેલા લોકોને શારીરિક ઈજાઓ ઉપરાંત માનસિક તણાવ, ડર અને હતાશા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. હેટ ક્રાઈમ સમાજમાં તણાવ વધારે છે અને વિવિધ જૂથો વચ્ચેના સંબંધોને બગાડે છે. હેટ ક્રાઈમને રોકવા માટેના ઉપાયો પણ છે પણ તેનો અમલ કોઈને કરવો નથી. હેટ ક્રાઈમ નિવારવા માટે લોકોને સહિષ્ણુતા, સમાનતા અને માનવ અધિકારો વિશે શીખવવું, હેટ ક્રાઈમને ગંભીર ગુનો ગણવો અને તેના માટે કડક સજાની જોગવાઈ કરવી, હેટ ક્રાઈમની ફરિયાદોને ગંભીરતાથી લેવી અને તપાસ કરવી જોઈએ. સમાજનો સહકાર મળે તો હેટ ક્રાઈમ નીવારી શકાય. દરેક વ્યક્તિએ હેટ ક્રાઈમ સામે ઊભા રહેવું અને પીડિતોને સમર્થન આપવું જોઈએ. પરંતુ આવી વસ્તુ શક્ય જ નથી. હેટ ક્રાઈમ એક ગંભીર સામાજીક સમસ્યા છે જેને દૂર કરવા માટે સમાજના દરેક વર્ગના સહકારની જરૂર છે. હેટ ક્રાઈમને રોકવા માટે શિક્ષણ, કાયદા અને સમાજના સહકાર જેવા ઉપાયો અપનાવવા જરૂરી છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ કેનેડાને અમેરિકા સાથે મર્જ કરવા માગે છે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

અમેરિકાના નવા ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાના વડાપ્રધાનને ગવર્નર તરીકે સંબોધન કર્યું.! પહેલા તો કેનેડાના વડાપ્રધાન એ સમજી ન શક્યા કે આ વાસ્તવિક વિધાન છે કે માત્ર મજાક છે. સૌથી પહેલા તો તેને મજાક સમજવામાં આવી પરંતુ પાછળથી અમેરિકાના પ્રેસિડેન્ટે સ્પષ્ટતા કરી કે કેનેડા અમેરિકામાં મર્જ થઈ જશે અને તેના વડાપ્રધાન માત્ર તેના ગવર્નર બનીને રહી જશે. અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ટૂંક સમયમાં બીજી વખત વ્હાઈટ હાઉસમાં પ્રવેશવા જઈ રહ્યા છે. પદ સંભાળતાની સાથે જ તેમણે કેનેડા, ચીન અને મેક્સિકો પર જંગી ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. જો કે, કેનેડિયન પીએમ ટુડો સાથેની તેમની મુલાકાતમાં, તેમણે આ ટેરિફથી બચવાનો માર્ગ સૂચવ્યો હતો. ટ્રમ્પે ટુડોને કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવા અને તેમને ગવર્નર બનવાનું કહ્યું હતું, પરંતુ શું આ શક્ય છે? તાજેતરમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને જસ્ટિન ટુડો વચ્ચેની મુલાકાતને લઈને મહત્વની માહિતી સામે આવી છે. બંનેની મુલાકાત દરમિયાન હાજર લોકોના આધારે મીડિયાએ દાવો કર્યો હતો કે કેનેડા પર સંભવિત ટેરિફથી બચવા માટે ટ્રમ્પે ટુડોને કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવા અને પોતે તેના ગવર્નર બનવા કહ્યું હતું. તે સમયે, આ વાત હળવા સ્વરમાં કહેવામાં આવી હતી, જો કે, અહેવાલ મુજબ, કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટુડો ટ્રમ્પની આ વાત સાંભળીને ગભરાઈને હસી પડ્યા હતા કારણ કે કદાચ તેમની પાસે આ મુદ્દા પર ટ્રમ્પને સામે કહેવા માટે કંઈ જ નહોતું. પરંતુ તાજેતરમાં ટ્રમ્પે ફરી એકવાર ટુડોને તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં 'ગ્રેટ સ્ટેટ ઑફ કેનેડા'ના ગવર્નર તરીકે સંબોધ્યા છે.

આ પછી સવાલો ઉઠી રહ્યા છે કે શું ડોનાલ્ડ ટ્રમ્પ ખરેખર કેનેડાને અમેરિકામાં સામેલ કરવા માગે છે? શું કેનેડા માટે યુએસ સાથે વિલીનીકરણ શક્ય છે? અને જો હા તો કેવી રીતે? શું કેનેડાને અમેરિકા સાથે મર્જ કરવું શક્ય છે? તો તેનો જવાબ છે હા આ શક્ય છે. અમેરિકા જો કેનેડા પર દબાણ લાવે તો કેનેડાને અમેરિકામાં ભળી જવું પડે એમાં કોઈ શંકાને સ્થાન નથી. નેશનલ પોસ્ટે આ મુદ્દે કેનેડા અને અમેરિકાના રાજકીય અને બંધારણીય કાયદાના બે નિષ્ણાતો સાથે વાત કરી છે. બંને નિષ્ણાતોએ બિન-પક્ષપાતી, વ્યાપક અભિગમ અપનાવીને સમજાવ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પની આ મજાક વાસ્તવિકતામાં કેવી રીતે બદલાઈ શકે છે!

કેનેડિયન નિષ્ણાત ગ્રેગરી ટાર્ડીએ કેનેડાના કાનૂની સલાહકાર તરીકે ૧૧ વર્ષ અને હાઉસ ઓફ કોમન્સના વરિષ્ઠ સંસદીય સલાહકાર તરીકે ૧૫ વર્ષ ગાળ્યા હતા. તેમણે ઑન્ટેરિયો અને ક્વિબેકમાં કાયદાની શાળાઓમાં ભણાવ્યું છે અને કાયદા, નીતિ અને રાજકારણના આંતર-સંબંધોના નિષ્ણાત છે. અમેરિકન નિષ્ણાત રોડરિક એમ. હિલ્સ, જુનિયર ન્યુયોર્ક સિટીમાં ન્યુયોર્ક યુનિવર્સિટી લો સ્કૂલના પ્રોફેસર છે જે સંઘવાદ અને આંતર-સરકારી સંબંધો અને રાજ્ય અને સ્થાનિક સરકારોની સ્વાયત્તતા પર ભાર મૂકતા બંધારણીય કાયદામાં નિષ્ણાત છે. કેનેડિયન નિષ્ણાતે ૩ શક્યતાઓ જણાવી છે. તેમણે કહ્યું કે, 'મને એવું લાગે છે કે જો આખું કેનેડા અથવા તેના કેટલાક ભાગો યુનાઈટેડ સ્ટેટ્સમાં જોડાવા માગે છે, તો તેમને ૧૯૮૨ના બંધારણીય કાયદાની કલમ ૪૧માંથી પસાર થવું પડશે. આનો અર્થ એ થયો કે કોઈ ચોક્કસ ક્ષેત્રમાં સમાવેશ કરવા માટે તમામ ૧૦ રાજ્યોની સેનેટ, ગૃહ અને વિધાનસભાઓમાં સર્વસંમતિ હોવી જરૂરી છે. આ પહેલા ખબર પડી જશે કે આવું કરવું શક્ય બનશે કે નહીં.

જો કે, ટાર્ડીનું કહેવું છે કે અમેરિકા અથવા અન્ય કોઈ પ્રદેશને તેમાં સામેલ કરવાનો નિર્ણય લેવો વધુ મુશ્કેલ હશે. જો આપણે એમ માની લઈએ કે કેનેડા, તમામ અથવા પ્રાંતોના ભાગ સાથે, યુનાઈટેડ સ્ટેટ્સમાં જોડાવા માગે છે તે નક્કી કરવામાં આવ્યું છે, તો તે સંપૂર્ણપણે અલગ પ્રક્રિયા છે. તે યુ.એસ. બંધારણની કલમ IV, કલમ ૩, કલમ ૧ પર આધારિત છે, જે અનિવાર્યપણે કહે છે કે નવા પ્રદેશોને દેશ સાથે જોડી શકાય છે અને યુએસ કોંગ્રેસના સામાન્ય મત દ્વારા રાજ્યો બની શકે છે. ઉદાહરણ તરીકે, ૨૧ ઓગસ્ટ, ૧૯૫૯ના રોજ, હવાઈમાં રાજ્યવ્યાપી લોકમત યોજાયો અને પછી સંઘીય કાયદા અનુસાર તે યુનાઈટેડ સ્ટેટ્સનું રાજ્ય બન્યું.


બંધારણીય માર્ગ સિવાય બીજો વિકલ્પ શું છે? કેનેડાના અમેરિકા સાથે વિલીનીકરણની બીજી શક્યતા જે ગ્રેગરી ટર્ડીએ સૂચવી છે તે તદ્દન અશક્ય છે. તેમણે કહ્યું કે કોઈપણ વિસ્તારને ખરીદીને પણ અમેરિકામાં સામેલ કરી શકાય છે. ઉદાહરણ તરીકે, લ્યુઈસિયાના ખરીદીમાં ઘણા અમેરિકન રાજ્યો ખરીદવામાં આવ્યા હતા, અને આ રીતે મિસિસિપીના પશ્ચિમના રાજ્યો પ્રદેશો અને પછી રાજ્યો બન્યા હતા. તેમણે યાદ અપાવ્યું કે ટ્રમ્પે તેમના પ્રમુખપદના પ્રથમ કાર્યકાળ દરમિયાન ગ્રીનલેન્ડ ખરીદવાની વાત કરી હતી, ત્યારબાદ બધાને લાગ્યું કે તેઓ પાગલ થઈ ગયા છે. જોકે સૈદ્ધાંતિક રીતે તે શક્ય છે. પરંતુ કેનેડા વેચાણ માટે નથી, હકીકતમાં કેનેડાનો કોઈ ભાગ વેચાણ માટે નથી. તેથી આ સૌથી અશક્ય છે.

ગ્રેગરી ટાર્ડીના મતે, ત્રીજી શક્યતા અમેરિકા દ્વારા કેનેડા પર સીધો હુમલો છે, તેની સંભાવના પણ ઘણી ઓછી છે. અપસ્ટેટ ન્યુયોર્કમાં, ઓટ્ટાવા નજીક, યુ.એસ. પાસે ૧૦મું માઉન્ટેન ડિવિઝન છે, તેમણે કહ્યું કે, સેનાના ચુનંદા એકમો છે. ટાર્ડી કહે છે કે અમેરિકન સૈનિકોને ઓટાવા પર કબજો કરવામાં વધુ સમય લાગશે નહીં પરંતુ આવું થવાની શક્યતાઓ ઘણી ઓછી છે. હવે આપણે એ જાણીએ કે અમેરિકન નિષ્ણાતો શું કહે છે? બીજી તરફ, અમેરિકન નિષ્ણાત રોડરિક એમ. હિલ્સનું કહેવું છે કે અમેરિકાએ ઐતિહાસિક રીતે આ પહેલા પણ કર્યું છે. એક દેશ જે અગાઉ સ્વતંત્ર હતો તેને રાજ્ય તરીકે જોડવામાં આવ્યો હતો, આ રીતે અમેરિકાએ ૧૮૪૫માં ટેક્સાસને તેનો ભાગ બનાવ્યો હતો. ટાર્ડીએ સૂચવેલા બંધારણીય માર્ગનો ઉલ્લેખ કરતાં હિલ્સે કહ્યું કે યુએસ કોંગ્રેસ દેશમાં નવા રાજ્યોનો સમાવેશ કરી શકે છે. પરંતુ કોઈપણ અન્ય રાજ્યના અધિકારક્ષેત્રમાં કોઈ નવા રાજ્યની રચના અથવા નિર્માણ કરવામાં આવશે નહીં, અથવા કોઈપણ રાજ્યની રચના બે કે તેથી વધુ રાજ્યો અથવા રાજ્યોના ભાગોના સંઘ દ્વારા, સંબંધિત રાજ્યોની ધારાસભાઓની અને કોંગ્રેસની સંમતિ વિના કરવામાં આવશે નહીં.

જો કે, તેમણે કહ્યું કે ટ્રમ્પ દ્વારા રમૂજી રીતે કરવામાં આવેલ આ પ્રસ્તાવ નવો નથી, આ ઓફર કેનેડાને અગાઉ પણ આપવામાં આવી છે. બ્રિટિશ સામ્રાજ્ય સામે ક્રાંતિ દરમિયાન, કોન્ટિનેંટલ કોંગ્રેસે વાસ્તવમાં કેનેડાને એક રાજ્ય તરીકે યુનાઈટેડ સ્ટેટ્સમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું. પરંતુ તેમ છતાં કેનેડાએ તેનો સ્વીકાર કર્યો ન હતો. જો કે, તેણે ખરેખર આવું કંઈક બનવાની શક્યતાને સંપૂર્ણપણે વાહિયાત ગણાવી છે. પરંતુ આ જગતમાં જે વસ્તુ વાહિયાત લાગે છે, જે વસ્તુ અશક્ય લાગે છે તે વસ્તુ શક્ય બની શકે છે. ઇતિહાસમાં જોતા આ વસ્તુ અશક્ય હોવા છતાં અસંભવિત નથી.

**કેનેડા US મર્જર શક્ય છે ? જો અમેરિકા ઈચ્છે તો આ શક્ય છે. જો આમ બને તો ધરતીના પટ પર અમેરિકા સૌથી વધુ વિશાળ ભાગ ધરાવતો દેશ બની જાય. તેનું એક બીજું પરિણામ એ આવે કે ત્યાંથી ખાલિસ્તાની ત્રાસવાદનો ખાતમો થઈ જાય. આ વસ્તુ બને તો તે ભારતમાં હિતમાં હશે !**

## શબ્દ સંજોગ-૧૯૧૭



**આડી ચાવી :**
(૧) ભારતની ત્રણ પવિત્ર નદીઓ (૯)
(૮) એક જંગલી પ્રાણી (૩)
(૯) હથિયારની તીણી કોર (૨)
(૧૦) મિજાજ, અહંકાર (૨)
(૧૧) સુંદર સ્ત્રી (૪)
(૧૩) કંકણ, કડું (૩)
(૧૪) એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૧૬) એક હથિયાર (૨)
(૧૭) રાઈ ચડાવેલા દહીમાં કચુંબર નાંખી બનાવેલી વાનગી (૩)
(૧૮) એક અંગ્રેજી મહિનો (૨)
(૨૦) જોડકું (૩)
(૨૧) આસપાસ (૪)
(૨૪) સળી, પીંછી (૩)
(૨૬) સર્વ, બધુ (૨)
(૨૭) પર્વત, ઝાડ (૨)
(૨૮) માંદગીથી ચેન ન પડવું તે (૪)
(૨૯) ઈંટો પકવનાર (૪)

**ઉભી ચાવી :**
(૨) એક કંદ (૩)
(૩) નાણુ, સોનું (૨)
(૪) એક જાતનું રેશમી કાપડ (૪)
(૫) યુદ્ધ (૩)
(૬) પિતૃઓને બલિ આપતા કરાતો ઉદ્ગાર (૨)
(૭) બાણ, શર (૨)
(૧૦) નિકાલ, ફેંસલો (૨)
(૧૨) દિલ્હીની નજીકમાં આવેલુ એક શહેર (૩)
(૧૩) વાંકુ (૨)
(૧૪) એક પક્ષી (૩)
(૧૫) શાખ કે કબૂલાતની સહી (૨)
(૧૬) ખ્રિસ્તીઓનું મંદિર (૨)
(૧૭) દશરથપુત્ર (૨)
(૧૮) એક ગુજરાતી માસ (૪)
(૧૯) એક સૂકોમેવો (૨)
(૨૦) એક વેદ (૪)
(૨૧) આકૃતિ, ઘાટ (૩)
(૨૨) વાસ, ગંધ (૨)
(૨૩) સ્ત્રીઓનું એક આભૂષણ (૩)
(૨૫) સો હજાર (૨)
(૨૭) જૂનાં નહી તેવા (૨)

## શબ્દ સંજોગ-૧૯૧૬ જવાબ

**આડી ચાવી:** (૧) કરમચંદ (૫) નકશો (૮) રજ (૯) દલન (૧૧) તક (૧૨) જત (૧૩) રવાલ (૧૫) ઢ (૧૬) પ્રવાલ (૧૮) શમ (૨૦) વાયુ (૨૧) ચામ (૨૨) કોમલ (૨૪) તરગા(ગાતર) (૨૭) ગાર્ગી (૨૮) પાલી (૩૦) ડામ (૩૨) ચોસર (૩૪) લઘુ (૩૫) કહાર (૩૬) તક.
**ઉભી ચાવી:** (૧) કરજ (૨) રજત (૩) ચંદન (૪) દલ (૬) કતલ (૭) શોક (૧૦) નરવા (૧૪) વાલ (૧૬) પ્રયુત (૧૭) વ્યોમ (૧૮) શકોરું (૧૯) મમ (૨૩) લગામ (૨૫) રપા(પાર) (૨૬) ગાલીચો (૨૯) ચરક (૩૦) ડાઘુ (૩૧) સ્વાહા (૩૩) સત.

# માર્કેટયાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૪૭૭ |
| ઘઉં લોકવન | ૫૮૨ | ૬૧૯ |
| ઘઉં ટુકડા | ૫૯૮ | ૬૭૦ |
| જુવાર સફેદ | ૬૮૦ | ૮૨૫ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૯૬૦ |
| ચણા પીળા | ૧૧૮૦ | ૧૩૫૦ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૬૧૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૨૫ |
| મગ | ૧૧૦૦ | ૧૭૭૪ |
| વાલ દેશી | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ચોળી | ૧૫૦૦ | ૨૮૯૯ |
| મઠ | ૭૦૦ | ૧૦૯૬ |
| કળથી | ૯૧૮ | ૧૧૨૫ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૨૧૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૫૧ |
| તલી | ૨૧૨૦ | ૨૬૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૩૪ |
| અજમો | ૧૨૦૦ | ૧૮૦૦ |
| સુવા | ૧૦૩૦ | ૧૩૫૫ |
| સોયાબીન | ૮૦૦ | ૯૦૪ |
| સીંગફાડા | ૧૦૨૦ | ૧૨૪૫ |
| કાળા તલ | ૩૦૫૦ | ૪૮૦૦ |
| લસણ | ૩૭૦૦ | ૪૭૦૦ |
| ધાણા | ૧૨૬૦ | ૧૫૧૧ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૩૦૦ |
| ધાણી | ૧૨૯૦ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૧૦૫ | ૧૫૦૧ |
| જીરૂ | ૪૧૩૦ | ૪૫૭૦ |
| રાય | ૧૦૪૦ | ૧૨૩૨ |
| મેથી | ૯૪૦ | ૧૨૫૬ |
| ઇસબગુલ | ૧૮૫૦ | ૧૯૯૫ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૨૦ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૦૨૫ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૧૧ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૮૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૫૫૦ |
| ટમેટા | ૩૫૦ | ૬૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૫૦ | ૨૨૦ |
| કોબીજ | ૧૨૦ | ૨૧૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૯૦૦ |
| વાલોળ | ૩૫૦ | ૫૩૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૫૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૫૦ |
| કાકડી | ૮૫૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| તુવેરસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૫૦ |
| બીટ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી | ૨૨૦ | ૪૧૦ |
| વાલ | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૬૫૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૭૮૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૭૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૧૦ | ૧૧૫૫ |
| ગિરનાર શીંગ | ૮૭૦ | ૧૨૧૨ |
| શિંગ મોટી | ૯૧૦ | ૧૨૪૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૯૪૫ |
| તલ કાળા | ૩૩૫૦ | ૪૬૫૦ |
| તલ કશ્મીરી | ૩૨૮૭ | ૩૨૮૭ |
| બાજરો | ૫૬૫ | ૫૬૫ |
| જુવાર | ૩૦૦ | ૮૪૬ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૭૦ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૬૨૦ |
| મગ | ૫૦૦ | ૧૯૧૦ |
| અડદ | ૭૦૦ | ૧૮૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૩૭૫ |
| કપાસ | ૯૫૦ | ૧૪૫૧ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૦૩ |
| જીરૂ | ૧૮૦૦ | ૪૬૦૦ |
| ધાણા | ૮૭૫ | ૧૪૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૨૯ |
| રજકાનું બી | ૪૩૦૦ | ૫૬૦૦ |
| મરચા લાંબા | ૩૯૦ | ૨૬૫૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૪૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૫૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૨૫૦ |
| કોબીઝ | ૨૫૦ | ૩૦૦ |
| શક્કરિયા | ૫૫૦ | ૬૫૦ |
| ટમેટાં | ૪૫૦ | ૫૫૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ગાજર | ૪૩૦ | ૫૨૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૬૩૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૨૮૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૫૫૦ |
| વાલોળ | ૩૫૦ | ૪૩૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળાલીલાં | ૪૦૦ | ૫૩૦ |
| તુરીયા | ૮૫૦ | ૯૫૦ |
| આમળા | ૪૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૫૦ | ૮૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૫૦ |

| | | |
|---|---|---|
| હળદર લીલી | ૬૦૦ | ૭૫૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૫૦ |
| ફોદીનો | ૫૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૫૦ |
| બીટ | ૫૦૦ | ૬૫૦ |
| વાલ | ૭૦૦ | ૮૫૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચાં લીલા | ૬૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૩૦૦૦ | ૩૬૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| જુવાર | ૫૪૦ | ૬૬૦ |
| બાજરો | ૪૮૫ | ૬૧૫ |
| ઘઉં | ૫૨૫ | ૬૭૭ |
| મગ | ૯૪૦ | ૧૩૦૦ |
| અડદ | ૭૦૦ | ૧૬૫૫ |
| ચોળી | ૧૦૦૦ | ૨૯૨૫ |
| વાલ | ૧૦૦૦ | ૧૧૫૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૬૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૪૫૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૪૫૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૦૧ |
| તલ | ૧૫૦૦ | ૨૩૯૦ |
| લસણ | ૩૦૦૦ | ૪૫૯૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૫૦ |
| અજમો | ૨૦૮૦ | ૪૦૪૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૭૦૦ |
| મરચા સૂકા | ૫૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૩૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૫૦૧ | ૬૨૦ |
| કપાસ | ૧૩૮૧ | ૧૪૩૮ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૨૦૦ |
| મગફળી જાડી | ૬૪૧ | ૧૨૩૬ |
| શીંગ ફાડા | ૮૫૦ | ૧૨૭૧ |
| એરંડા | ૧૧૨૧ | ૧૨૦૬ |
| તલ | ૧૮૫૦ | ૨૬૨૧ |
| જીરૂ | ૩૯૨૧ | ૪૭૬૧ |
| ઈસબગુલ | ૩૫૧ | ૨૦૭૧ |
| વરીયાળી | ૧૧૧૧ | ૧૭૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૬૫૧ |
| ધાણી | ૧૧૦૧ | ૧૭૮૧ |
| મરચા | ૪૫૧ | ૨૯૦૧ |
| લસણ | ૧૪૦૧ | ૪૫૯૧ |
| ડુંગળી | ૧૧૧ | ૬૨૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૪૯૧ |
| બાજરો | ૫૦૧ | ૫૭૧ |
| જુવાર | ૩૬૧ | ૮૭૧ |
| મકાઈ | ૪૬૧ | ૪૬૧ |

| | | |
|---|---|---|
| મગ | ૧૦૦૧ | ૧૭૫૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૧૬ |
| વાલ | ૫૧૧ | ૧૪૭૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૯૧ |
| ચોળા/ચોળી | ૫૦૧ | ૨૩૩૧ |
| મઠ | ૮૦૧ | ૮૩૧ |
| તુવેર | ૨૫૧ | ૧૮૯૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૬૧ |
| રાયડો | ૧૦૧૧ | ૧૦૧૧ |
| મેથી | ૬૪૧ | ૧૧૭૧ |
| અજમો | ૧૯૭૧ | ૧૯૭૧ |
| સુવા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ગોગળી | ૮૪૧ | ૮૬૧ |
| વટાણા | ૩૫૧ | ૩૫૧ |
| ચણા સફેદ | ૧૨૫૧ | ૨૫૦૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૫ |
| કપાસ મીડીયમ | ૧૧૮૦ | ૧૩૪૦ |
| મગફળી | ૧૦૫૫ | ૧૧૪૫ |
| મગફળી બી.ટી. | ૯૪૪ | ૧૦૫૬ |
| ઘઉં | ૫૪૦ | ૫૫૦ |
| તલ | ૨૦૩૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૩૯૬૦ | ૪૩૮૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૬૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૦૧ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૩૯૩ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૬૦ |
| ઘઉં લોકવન | ૫૧૧ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૨૫ |
| બાજરો | ૫૦૦ | ૭૫૫ |
| જુવાર | ૪૦૦ | ૮૦૦ |
| મગ | ૨૩૦૧ | --- |
| અડદ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૭૫ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૬૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૦ |
| ઈસબગુલ | ૧૩૦૦ | --- |
| રાય/રાયડો | ૧૧૦૦ | --- |
| મેથી | ૧૧૫૦ | --- |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૫ |
| મગ | ૧૦૦૦ | ૧૬૩૬ |
| ચણા | ૮૫૧ | ૧૨૨૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૯૧ |
| મગફળી | ૭૦૦ | ૧૧૧૬ |
| શિગફાડા | ૯૫૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૯૪૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૨૧૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૭૭ | ૧૪૬૧ |
| મગફળી | ૮૫૦ | ૧૦૪૦ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| સોયાબીન | ૭૫૧ | ૭૮૦ |
| મગ | ૧૩૭૦ | ૧૩૭૦ |
| અડદ | ૧૦૩૨ | ૧૦૩૨ |
| બાજરો | ૫૨૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૬૧ | ૪૬૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૮૦ | ૧૧૫૭ |
| મગફળી ૩૨ નં. | ૯૩૦ | ૧૦૬૭ |
| બાજરી | ૫૦૦ | ૫૮૬ |
| ઘઉં | ૫૩૦ | ૬૪૨ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૩૯૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૨૪ |
| જુવાર | ૫૦૦ | ૭૮૦ |
| અડદ | ૧૧૩૦ | ૧૬૩૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૭૦ |
| રજકો | ૧૩૯૦ | ૧૪૪૭ |
| કાંગ | ૯૨૧ | ૧૦૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૨૫ | ૧૧૬૦ |
| તલ સફેદ | ૨૨૫૧ | ૨૨૫૧ |
| કપાસ | ૧૩૨૧ | ૧૪૫૧ |
| બાજરો | ૪૮૦ | ૬૨૮ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૩૦ |
| જુવાર | ૬૭૫ | ૭૭૧ |
| મગ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| મઠ | ૧૩૧૩ | ૧૩૧૩ |
| અડદ | ૧૩૦૦ | ૧૭૯૯ |
| તુવેર | ૧૬૮૪ | ૧૬૮૪ |
| ચણા | ૧૦૪૧ | ૧૨૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૨ |
| ઘઉં લોકવન | ૪૭૨ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૮૦ |
| સોયાબીન | ૫૪૦ | ૭૪૫ |
| મગફળી | ૫૪૦ | ૮૯૪ |
| ચણા | ૮૮૦ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૨૧૯૫ | ૨૧૯૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૧૦ |
| મગ | ૧૦૦૧ | ૧૧૫૦ |
| અડદ | ૮૮૫ | ૧૨૨૧ |
| શીંગદાણા | ૧૦૦૧ | ૧૧૫૦ |
| લસણ | ૪૧૪૦ | ૪૧૪૦ |
| ડુંગળી | ૧૯૪ | ૧૯૪ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૫૦ | ૧૨૭૨ |
| શીંગ ૩૨ | ૯૪૭ | ૧૦૨૮ |
| શીંગ ૩૯ | ૯૨૫ | ૧૧૪૧ |
| શીંગ જી-૨૦ | ૯૮૦ | ૧૧૮૧ |
| જુવાર | ૩૦૦ | ૯૩૩ |
| બાજરી | ૪૩૫ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૬૫ |
| અડદ | ૯૧૫ | ૧૬૦૦ |
| મગ | ૧૧૫૦ | ૧૬૪૦ |
| સોયાબીન | ૫૭૦ | ૮૦૫ |

| | | |
|---|---|---|
| ચણા | ૭૮૫ | ૧૨૪૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૬૬૪ |
| તલ પુરબીયા | ૩૦૨૦ | ૩૦૨૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૦૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૬૫૦ |
| ડુંગળી સફેદ | ૨૨૧ | ૪૭૬ |
| કપાસ શંકર | ૧૩૮૧ | ૧૪૩૯ |
| નાળીયેર | ૫૧૩ | ૨૩૭૨ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૬૪ |
| મગફળી | ૫૫૦ | ૧૦૪૦ |
| ઘઉં | ૫૫૨ | ૫૮૫ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૧૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| જીરૂ | ૪૦૧૦ | ૪૦૧૦ |
| સોયાબીન | ૬૭૫ | ૮૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૩૧ | ૧૪૬૧ |
| **ગોડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૯૦૦ |
| મરચા | ૫૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| તુવેર | ૪૦૦ | ૯૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૪૦૦ | ૬૦૦ |
| અંબાળા | ૬૦૦ | ૮૦૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૧૫ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૧૦ | ૧૨ |
| કોથમીર પુરા | ૧૦ | ૧૫ |
| મૂળા પુરા | ૭ | ૧૩ |
| ફોદીનો પુરા | ૮ | ૧૨ |
| કાચા કેળા | ૪૦૦ | ૬૦૦ |
| ચૂણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૮ | ૧૦ |
| બીટ પુરા | ૧૫ | ૨૦ |
| સરગવો પુરા | ૩૦ | ૪૦ |
| ચોરા | ૩૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૧૬૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| લસણ પુરા | ૨૫ | ૩૫ |
| પાલક પુરા | ૫ | ૧૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# શ્રી ખોડલધામ ઉત્તર ગુજરાતના શિલાપૂજનના આમંત્રણ માટે મા ખોડલના રથનું ગામેગામ પરિભ્રમણ

રાજકોટ,તા.૧૬

૧૯ જાન્યુઆરી સુધી મા ખોડલનો રથ અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, પાટણ જિલ્લાના ગામોમાં પરિભ્રમણ કરશે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટી મંડળના આયોજન મુજબ ગુજરાતના વિવિધ ઝોનમાં શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ કરવાનું કાર્ય ચાલી



રહ્યું છે. અત્યારે ઉત્તર ગુજરાતમાં પાટણ જિલ્લાના સંડેર ગામે શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ થઈ રહ્યું છે. ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ના સંડેર ખાતે ખોડલધામનો ૧૦૦૮ શિલાપૂજન સમારોહ યોજાશે, જેનું આમંત્રણ આપવા માટે મા ખોડલ રથમાં બિરાજમાન થઈને ગામડે ગામડે પરિભ્રમણ કરશે. આ રથના પરિભ્રમણની શરૂઆત ૧૫ ડિસેમ્બરે બાયડ તાલુકાના ભુડાસણ ગામથી થઈ હતી. જ્યાં ગ્રામજનોએ વાજતે-ગાજતે મા ખોડલના રથને વધાવ્યો હતો. તમામ ગામમાંથી એક-એક શિલા લેવામાં આવી હતી. આ શિલાનો મંદિર નિર્માણમાં ઉપયોગ કરાશે.

# કોડીનાર પોલીસે ગુમ થયેલા મોબાઈલ અને કિંમતી ચીજવસ્તુઓ પરત કરી

કોડીનાર,તા.૧૬

કોડીનાર પોલીસ સ્ટેશનના જવાનોએ નાગરિકોની સુરક્ષા અને સહાય માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શિંગોડા નદીના કાંઠે ભરાતી રવિવારી બજારમાં ગુમ થયેલા મોબાઈલ ફોન અને કિંમતી ચીજવસ્તુઓ શોધી કાઢીને તેમના મૂળ માલિકોને પરત કરવામાં આવી હતી. કોડીનાર પીઆઈ એ. એ. પટેલની સૂચના અને પીએસઆઈ કે.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ કોડીનાર ટાઉન બીટના એએસઆઈ કંચનબેન વી. રાઠોડ અને તેમની ટીમે પેટ્રોલિંગ દરમિયાન



તસવીર : કૈલેશ ભટ્ટ

આ કામગીરી હાથ ધરી હતી. તેમણે અલગ-અલગ કંપનીના બે મોબાઈલ ફોન (કુલ કિંમત રૂ. ૩૩,૯૦૦/-), એક પર્સમાં રૂ. ૩,૦૦૦/- રોકડા અને અન્ય મહત્વપૂર્ણ દસ્તાવેજો જેવા કે આધાર કાર્ડ, પાન કાર્ડ, એટીએમ કાર્ડ વગેરે શોધી કાઢ્યા હતા. આ શોધી કાઢેલી વસ્તુઓ રજાકભાઈ અબ્દુલભાઈ ઘરડેરા (વીવો T1), નિર્ભયભાઈ લખમણભાઈ સોલંકી (રીયલમી C12) અને જ્યોત્સનાબેન યુસફભાઈ શેખને પરત કરવામાં આવી હતી. આ તમામ વ્યક્તિઓએ કોડીનાર પોલીસની આ પ્રશંસનીય કામગીરી માટે આભાર વ્યક્ત કર્યો હતો.

# સુરતમાં યોજાયો ઐતિહાસિક લોહાણા પરિચય ઉત્સવ

સુરત, તા.૧૬

સુરતમાં આજે એક ઐતિહાસિક દિવસ હતો. શ્રી ઘોઘારી લોહાણા મહાજન સુરત, જય વિરદાદા જસરાજ સંગઠન અને સપનાના વાવેતર પરિવારના સંયુક્ત ઉપક્રમે સમગ્ર વિશ્વના લોહાણા સમાજના યુવાનો માટે એક વિશાળ પરિચય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના સૌરાષ્ટ્ર પટેલ સમાજ વાડી મીની બજાર, વરાછા રોડ ખાતે યોજાયેલા આ ઉત્સવમાં ગુજરાત સહિત દેશ-વિદેશથી આવેલા ૫૬૦ યુવાનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ




બનાવવા માટે સુરતના લોહાણા રઘુવંશી સમાજના સેવાભાવી અગ્રણીઓ હસમુખભાઈ પાંધી, મનભાઈ, નિહારાકી પુજારા, આશા સોમૈયા અને તેમની સમગ્ર ટીમે ખૂબ જ મહેનત કરી હતી.

# કોડીનારના છાછર ગામના વૃધ્ધનું માર્ગ અકસ્માતમાં મોત

કોડીનાર,તા.૧૬



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર તાલુકાના છાછર ગામના વૃધ્ધનું માર્ગ અકસ્માતમાં ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતું. છાછર ગામના મુસ્લિમ અગ્રણી હુસેનભાઈ વાકોટ બાઈક લઈને સનવાવ તરફ જતા હતા ત્યારે સામેથી આવતા બાઈકચાલક સાથે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે મુસ્લિમ અગ્રણીનું ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું. આ ઘટનાની જાણ થતા મુસ્લિમ સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. મુસ્લિમ અગ્રણીના મૃતદેહને કોડીનાર હોસ્પિટલ ખાતે પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો.

# ઉનામાં મંજૂરી વગર ચાલતી લાઈમ સ્ટોન ખાણ પકડાઈ

ગીર સોમનાથ,તા.૧૬

ઉના ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં ગેરકાયદે ખનનની પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ, ગઈકાલે રાત્રે ઉનાના પ્રાંત અધિકારી ચિરાગ હિરવાણીયા અને તેમની ટીમે રાતડ ગામમાં સર્વે નંબર ૨૩ની જમીનમાં ચાલી રહેલી ગેરકાયદે લાઈમ સ્ટોન ખાણ પર દરોડો પાડ્યો હતો. આ દરોડામાં ખાણ ખનીજ વિભાગની કોઈપણ મંજૂરી વગર



ચાલતી આ ખાણમાંથી અંદાજિત રૂ. ૫ લાખની કિંમતના બે પથ્થર કટર મશીન અને એક જનરેટર સેટ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં સંડોવાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

---

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૪૭/૨૦૨૪

**પ્રતિ**
શ્રી વજુભાઈ કચરાભાઈ ચુડાસમા
રહે. ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એન.એમ.જાદવ રહે. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ શ્રી વજુભાઈ કચરાભાઈ ચુડાસમાના પિતાશ્રી કચરાભાઈ કાળાભાઈ ચુડાસમા નું મરણ તારીખઃ ૦૧/૦૩/૧૯૮૦ નાં રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસા ગામના સને ૧૯૮૦ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૫૨/૨૦૨૪

**પ્રતિ**
શ્રી અયુબભાઈ સુમારભાઈ ઈસબાણી
રહે. મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એન.એમ.જાદવ રહે. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ શ્રી અયુબભાઈ સુમારભાઈ ઈસબાણીના પિતાશ્રી સુમારભાઈ ઈસ્માઈલભાઈ ઈસબાણીનું મરણ તારીખ ૦૨/૧૨/૧૯૯૪ નાં રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના સને.૧૯૯૪નાં મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(એમ.પી.ગોહિલ)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૧૦૫/૨૦૨૪

**પ્રતિ**
શ્રી લીલીબેન નારણભાઈ બારડ વા/ઓ જગુભાઈ વાળા
મું.દેવળી(દેદાની) હાલ રહે. કડોદરા,
તાલુકો-વેરાવળ, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એન.એમ.જાદવ રહે. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
દેવળી(દેદાની) તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના દેવળી(દેદાની) ગામના રહીશ શ્રી નારણભાઈ રામભાઈ બારડ તથા શ્રી ગંગાબેન નારણભાઈ બારડની પુત્રી શ્રી અજાયબેન નારણભાઈ બારડનો જન્મ તા. ૧૪/૧૦/૧૯૬૮ માં કોડીનાર તાલુકાના દેવળી (દેદાની) ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના દેવળી(દેદાની) ગામના સને.૧૯૬૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(એમ.પી.ગોહિલ)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૪૯/૨૦૨૪

**પ્રતિ**
શ્રી બાબુભાઈ હાજાભાઈ રામ
રહે. દેવલપુર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એમ.એમ.કાતિરા રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી દેવલપુર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના દેવલપુર ગામના રહીશ શ્રી બાબુભાઈ હાજાભાઈ રામની બહેન અજાયબેન હાજાભાઈ રામનું મરણ તારીખઃ ૦૪/૦૮/૨૦૦૩ નાં રોજ કોડીનાર તાલુકાના દેવલપુર ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના દેવલપુર ગામના સને ૨૦૦૩ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૨૭/૨૦૨૪ તા.૧૨/૧૨/૨૦૨૪

**અરજદારશ્રીઃ** ૧. અશ્વિનભાઈ વશરામભાઈ સાવલિયા
રહે. બી-૫૦૮, શીવાલય એપાર્ટમેન્ટ, સી એસ રોડ, માતૃછાયા કોલેજની સામે, આનંદનગર દહિસર ઈસ્ટ મુંબઈ

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી કરજાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, **અરજદારશ્રી અશ્વિનભાઈ વશરામભાઈ સાવલિયાનો જન્મ તા.૦૬/૦૩/૧૯૭૧ ના રોજ મુ. કરજાળા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ,** કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી **મુદત તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.**

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મની નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

---

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. મરણ નોંધણી/અરજી નં.૪૫/૨૦૨૪

**અરજદારશ્રીઃ** શ્રી દાનાભાઈ નનુભાઈ રાણીંગા
રહે. મોમાઈ પરા ગાધકડાના જુના કેડે
તા.સાવરકુંડલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, **અરજદારશ્રીના પરદાદીશ્રી કુંવરબેન હરજીભાઈ રાણીંગાનું મરણ તા.૨૦/૦૫/૨૦૦૦ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ,** કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી **મુદત તા.૧૭/૧૨/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.**

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

નોંધ :- (૧) વર્ષઃ-૧૯૯૯ થી ૨૦૦૧ સુધીનું રેકર્ડ રજુ કરવું.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

---

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૯૯/૨૦૨૪

**પ્રતિ**
શ્રી હમીરભાઈ નારણભાઈ બારડ
રહે.દેવળી(દેદાની) તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એમ.એમ.કાતિરા રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
દેવળી(દેદાની) તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના દેવળી(દેદાની) ગામના રહીશ શ્રી મુળાભાઈ નારણભાઈ બારડ તથા શ્રી જેવાઈબેન મુળાભાઈ બારડની પુત્રી શ્રી શાંતીબેન મુળાભાઈ બારડનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૮ માં કોડીનાર તાલુકાના દેવળી (દેદાની) ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના દેવળી(દેદાની) ગામના સને.૧૯૬૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

**ઉના-//તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-**

કેસ -નં.૧૪૫/૨૦૨૪

અરજદાર :- શ્રી મુન્નાભાઈ કાળુભાઈ ચાવડા
રે.ઉમેજ,તા.ઉના

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. ઉમેજ ,તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના ઉમેજ ગામના રહીશશ્રી શ્રી મુન્નાભાઈ કાળુભાઈ ચાવડાએ તેઓના માતાશ્રી વકતુબેનનાં મરણ તા.૧૮/૦૩/૧૯૮૩ રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના

---

**ઉના-//તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-**

કેસ -નં.૧૪૮/૨૦૨૪

અરજદાર :- શ્રી ચેતનભાઈ જેહાભાઈ ઉર્ફે જેસાભાઈ લેવા
રે.પસવાળા,તા.ઉના

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. પસવાળા ,તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના પસવાળા ગામના રહીશશ્રી ચેતનભાઈ જેહાભાઈ ઉર્ફે જેસાભાઈ લેવા એ તેઓના માતાશ્રી ભીખુબેન જેહાભાઈ ઉર્ફે જેસાભાઈ સોલંકી મરણ તા.૧૦/૦૧/૨૦૧૧ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના

---

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ સાહેબની - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ નં.૭૭/૨૦૨૪

**પ્રતિ**
બીપીનભાઈ જેઠાભાઈ ડોડીયા
રહે. ડોડીયા શેરી, ગામ વિસ્તાર, નવાપરા વેરાવળ રેયોન ફેકટરી, પાટન વેરાવળ,
તાલુકો-વેરાવળ, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી, ડિ.આર.ડોડીયા તથા વિ.વિ.રાવળ રહે. મુ.કોડીનાર, તા.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફીસરશ્રી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના વેરાવળ ગામ/વિસ્તારનાં રહીશ શ્રી બીપીનભાઈ જેઠાભાઈ ડોડીયા તથા રૂચિતાબેન બીપીનભાઈ ડોડીયા ના પુત્ર શિવરાજસિંહ બીપીનભાઈ ડોડીયા નો જન્મ સને. ૦૭/૦૭/૨૦૨૩ નાં રોજ કોડીનાર મુકામે રાનાવાળા હોસ્પિટલ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર નગરપાલિકાના સને.૨૦૨૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૫/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

સહી
(એ.એમ.જોષી)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૪૮/૨૦૨૪

**પ્રતિ**
શ્રી રામસિંગભાઈ ભાણાભાઈ મધા
રહે. જીથલા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એમ.એમ.કાતિરા રહે. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જીથલા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના જીથલા ગામના રહીશ શ્રી રામસિંગભાઈ ભાણાભાઈ મધાની પત્ની કુરાઈબેન રામસિંગભાઈ મધાનું મરણ તારીખઃ ૧૦/૦૫/૧૯૯૮ ના રોજ કોડીનાર તાલુકાના જીથલા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના જીથલા ગામના સને ૧૯૯૮ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૧૦૩/૨૦૨૪

**પ્રતિ**
શ્રી હારૂનભાઈ સકુરભાઈ કાસમાણી
રહે.આલીદર, તાલુકો- કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એન.એમ.જાદવ રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, આલીદર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના આલીદર ગામના રહીશ શ્રી હારૂનભાઈ સકુરભાઈ કાસમાણી તથા શ્રી હવાબેન હારૂનભાઈ કાસમાણીનો પુત્ર શ્રી જાવીદભાઈ હારૂનભાઈ કાસમાણીનો જન્મ તા. ૧૪/૦૧/૧૯૮૬ માં કોડીનાર તાલુકાના આલીદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના આલીદર ગામના સને.૧૯૮૬ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

# છત્તીસગઢમાં ભયાનક માર્ગ અકસ્માત: ૬ના મોત, ૭ ઘાયલ

**અકસ્માત બાદ ટ્રકચાલક ફરાર**

બાલોદ,તા.૧૬

છત્તીસગઢના બાલોદ જિલ્લામાં ભાનુપ્રતાપપુર-દલ્લીઝારા રોડ પર આજે (સોમવારે) સવારે એક ભયાનક માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે. જ્યારે અન્ય સાત ગંભીર રીતે ઘાયલ છે. મૃતકોમાં એક બાળક, ૪ મહિલા અને એક પુરુષનો સમાવેશ થાય છે. એક ટ્રકે કારને ટક્કર મારી હતી. આ મામલો દાઉંડી પોલીસ સ્ટેશન વિસ્તારના ચૌરાપાવડ પાસેનો છે. અધિક પોલીસ અધિક્ષક અશોક જોશીના જણાવ્યા અનુસાર, સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને રાજનાંદગાંવ મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. આરોપી ટ્રક ચાલક ફરાર છે. પોલીસ તેને શોધી રહી છે. મળતી માહિતી મુજબ SUVમાં ૧૩ લોકો બેઠા હતા, જેમાં ૨ બાળકો પણ હતા. તે દાઉંડીથી ગુરેડા પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઘણી મહેનત બાદ ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા. સાત ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સની મદદથી દાઉંડી સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને રાજનાંદગાંવ જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.




# એલએસી મુદ્દે અજીત ડોભાલ આજે ચીનની મુલાકાતે જશે

ન્યુ દિલ્હી,તા.૧૬

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલ આવતીકાલે ચીન સાથે લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (LAC) અંગે વિશેષ પ્રતિનિધિ સ્તરની વાતચીત કરવા ચીન જઈ રહ્યા છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત અને ચીન સરહદને લઈને આ બેઠક ૧૭ અને ૧૮ ડિસેમ્બરે યોજાશે. જેમાં ડોભાલ ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે ચર્ચા કરશે.



આ મુલાકાતને બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સીમા વિવાદના ઉકેલની દિશામાં એક મોટા પગલાં તરીકે જોવામાં આવી રહી છે. ગલવાન અથડામણ બાદ આ વિશેષ પ્રતિનિધિ સ્તરની પ્રથમ બેઠક થશે.

બંને દેશો વચ્ચે છેલ્લે આ પ્રકારની ચર્ચા ડિસેમ્બર, ૨૦૧૯માં થઈ હતી. જૂન, ૨૦૨૦માં ગલવાન ખીણમાં અથડામણ બાદ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો બગડ્યા હતાં. ઉચ્ચસ્તરીય વાર્તાના પરિણામોથી આગામી કોર્પ્સ કમાન્ડર સ્તરની ચર્ચાનો માર્ગ મોકળો બનશે. નવી દિલ્હીમાં આયોજિત વર્કિંગ મિકેનિઝ્મ ફોર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશન બેઠક દરમિયાન બંને દેશોની ચર્ચા કરવાની સહમતી સાથે આ બેઠક યોજાશે. આ બેઠકમાં શાંતિપૂર્ણ સમાધાન થવાના નવા માર્ગો ખૂલશે, તેમજ સ્થિરતા પણ વધવાનો સંકેત રાજકીય વિશ્લેષકો આપી રહ્યા છે.

# 'વન નેશન વન ઈલેક્શન' સંબંધિત બિલ આજે લોકસભામાં રજૂ કરવામાં આવશે


નવીદિલ્હી,તા.૧૬

સંસદના શિયાળુ સત્રમાંથી 'એક દેશ એક ચૂંટણી' અથવા 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' સાથે જોડાયેલા મોટા સમાચાર સામે આવી રહ્યા છે. માહિતી સામે આવી છે કે આવતીકાલે એટલે કે મંગળવાર, ૧૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ નીચલા ગૃહ લોકસભામાં વન નેશન વન ઈલેક્શન સંબંધિત બિલ રજૂ કરવામાં આવશે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન મેઘવાલ આ બિલ રજૂ કરશે. તમને જણાવી દઈએ કે વન નેશન વન ઈલેક્શન મોદી સરકારના સૌથી મહત્વપૂર્ણ ચૂંટણી વચનોમાંથી એક છે. દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે કરાવવા માટેનું બંધારણ સંશોધન બિલ મંગળવારે સંસદમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. જો સૂત્રોનું માનીએ તો તેને બંને ગૃહોની સંયુક્ત સમિતિને મોકલવામાં આવી શકે છે.

# ફ્રાન્સના માયોટ ક્ષેત્રમાં વાવાઝોડાએ તબાહી મચાવી, ૧૦૦૦ના મોતની આશંકા

પેરીસ,તા.૧૬

ફ્રાન્સના માયોટ ક્ષેત્રમાં વાવાઝોડા 'ચિડા'એ ખૂબ જ તબાહી મચાવી છે. અહીં જીવ ગુમાવનાર લોકોની સંખ્યા લગભગ ૧૦૦૦ હોઈ શકે છે. એક ટોચના સરકારી અધિકારીએ રવિવારે આ માહિતી આપી. મેયોટ પ્રીફેક્ટ ફ્રાન્કોઈસ-ઝેવિયર બ્યુવિલે ટીવી ચેનલ મેયોટ લાએરે કહ્યું, મને લાગે છે કે સૈંકડો લોકો મૃત્યુ પામ્યા હશે. લગભગ સંખ્યા ૧૦૦૦ની નજીક પહોંચી જશે. તેમણે વધુમાં જણાવ્યું કે શનિવારે હિન્દ મહાસાગરના ટાપુ પર આવેલાં ભીષણ ઉષ્ણકટિબંધીય ચક્રવાતને કારણે થયેલા વ્યાપક વિનાશ બાદ ચોક્કસ આંકડા આપવા 'અત્યંત મુશ્કેલ' છે. 'ચિડા'ને કારણે ૨૨૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાયો હતો, જેના કારણે મેયોટમાં અનેક મકાનોને નુકસાન થયું હતું, ફ્રેન્ચ હવામાન સેવા અનુસાર આફ્રિકાના પૂર્વ કિનારે લગભગ ૮૦૦ કિલોમીટર દૂર આવેલા બે મુખ્ય ટાપુઓમાં ફેલાયેલા મેયોટની વસ્તી ૩ લાખથી વધુ લોકોની છે. કેટલાક સ્થળોએ સમગ્ર વિસ્તાર નાશ પામ્યો હતો.



# ચાર્જશીટ દાખલ ન થતાં આરજી કાર હોસ્પિટલના ડોક્ટરો ફરી ગુસ્સે થયા

(એચ.એસ.એલ),કોલકતા,તા.૧૬

કોલકાતામાં આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ અને તાલા પોલીસ સ્ટેશનના ભૂતપૂર્વ ઓસી સંદીપ ઘોષને આપવામાં આવેલા જામીન સામે કોલકાતામાં જુનિયર ડૉક્ટરો સહિત વિવિધ સંગઠનોએ સરઘસ કાઢ્યું હતું અને વિરોધ કર્યો હતો. બીજી બાજુ, સીજીઓ કોમ્પ્લેક્સમાં, પશ્ચિમ બંગાળ જુનિયર ડૉક્ટર્સ ફ્રન્ટ અને મેડિકલ સર્વિસ સેન્ટર, સર્વિસ ડૉક્ટર્સ ફોરમ, નર્સ યુનિટી અને અન્ય નાગરિકોએ સીબીઆઇ તપાસ અધિકારીને એક મેમોરેન્ડમ સુપરત કર્યું અને ન્યાયની માંગ કરી હતી.




# જથ્થાબંધ ફુગાવાનો દર ઘટતા મોંઘવારી ઘટે તેવી સંભાવના

નવી દિલ્હી,તા.૧૬

દેશમાં મોંઘવારીની લાંબા સમયથી સ્થિતિ વચ્ચે હવે સારા સમાચાર આવી રહ્યા છે અને નવેમ્બર માસમાં જથ્થાબંધ ભાવાંક ત્રણ માસના સૌથી નીચા ૧.૮૯% ના દરે પહોચતા હવે છુટક ફુગાવો પણ નીચો આવે તેવા સંકેત છે. સરકારે જારી કરેલા આંકડા મુજબ નવેમ્બર માસમાં જથ્થાબંધ ફુગાવો ૨.૩૬% માંથી ઘટીને ૧.૮૯% નોંધાયો છે. ખાસ કરીને ખાદ્ય ચીજોમાં શાકભાજી અને ડુંગળીઓના ભાવમાં ઘટાડો થતા જથ્થાબંધ ફુગાવો નીચે આવ્યો છે. ગત વર્ષે જો કે આ દર ૦.૮૯% જ હતો. આમ એક વર્ષની સરખામણીમાં તે હજુ ઉંચો છે. ખાદ્ય ચીજોનો ફુગાવાનો દર જે ઓકટોબર માસમાં ૧૩.૫૪% હતો તે ઘટીને ૮.૬૩% રહી ગયો છે. શાકભાજીના ભાવ સિઝનલ કારણોથી ઘટયા છે અને તેની અસર હવે છુટક ફુગાવા પર પણ થશે. જો કે બટેટાના ભાવમાં હજું મોંઘવારીની અસર છે અને તેમાં ફુગાવાનો સૂચક આંક ૮૨.૭૯% બની રહ્યો છે. ડુંગળીમાં બમ્પર પાક બજારમાં આવતા તેનો ફુગાવાનો દર ૨.૮૫% થયો છે.



# સંભલમાં કૂવાનું ખોદકામ કરવામાં આવતા ત્રણ પ્રાચીન મૂર્તિઓ મળી

સંભલ,તા.૧૬

ઉત્તર પ્રદેશના સંભલમાં તાજેતરમાં જ ૪૬ વર્ષથી બંધ જૂના શિવ મંદિરને વહીવટીતંત્રએ ખોલાવ્યું હતું. આ મંદિરમાં પ્રાચીન શિવલિંગની સાથે એક હનુમાનજીની મૂર્તિ અને કૂવો પણ મળી આવ્યો હતો. હવે વહીવટીતંત્રને કૂવાનું ખોદકામ કરતાં ૩ મૂર્તિઓ મળી આવી છે. આ મૂર્તિઓ માતા પાર્વતી, ગણેશ અને કાર્તિકેયની છે. આ મંદિર ૧૯૭૮થી બંધ પડ્યું હતું. વહીવટીતંત્રએ આ મંદિરની સાફસફાઈ કરાવી અને ૧૫ ડિસેમ્બરે આ મંદિરમાં ધાર્મિક વિધિઓ અને મંત્ર-જાપ સાથે પૂજા-આરતી કરવામાં આવી હતી. ડેપ્યુટી એસપી અનુજ ચૌધરીએ જણાવ્યું કે, મંદિરમાંથી ત્રણ મૂર્તિઓ મળી આવી છે. હાલમાં કૂવો ખોદવાનું કામ બંધ કરી દેવામાં આવ્યું છે. કૂવો ઢાંકી દેવામાં આવ્યો છે. ખોદકામ દરમિયાન માતા પાર્વતી, ગણેશજી અને કાર્તિકેયજીની મૂર્તિઓ મળી આવી છે. આ મૂર્તિઓનું કાર્બન ડેટિંગ કરાવવામાં આવશે. એક મૂર્તિ આરસની છે જે કાર્તિકેયજીની લાગી રહી છે. ૨ મૂર્તિઓ ખંડિત છે.




# કોંગ્રેસ ઈવીએમ પર રોદણા રોવાનું બંધ કરે : ઓમર અબ્દુલા

શ્રીનગર,તા.૧૬

જમ્મુ-કાશ્મીરના CM ઓમર અબ્દુલ્લાએ કહ્યું છે કે કોંગ્રેસ EVM પર રોવાનું બંધ કરે.

જ્યારે તમે ચૂંટણી જીતો છો ત્યારે ઉજવણી કરો છો, જ્યારે તમે હારો છો ત્યારે EVM પર સવાલો ઉઠાવો છો. આ યોગ્ય નથી.

ચૂંટણી લડતા પહેલા પક્ષોએ નક્કી કરવું જોઈએ કે તેમને EVMમાં વિશ્વાસ છે કે નહીં. ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં અબ્દુલ્લાએ કહ્યું, 'જ્યારે તમે EVM દ્વારા ૧૦૦થી વધુ સાંસદોને ચૂંટો છો, ત્યારે તમે તેને તમારી પાર્ટીની જીત ગણાવો છો. બીજી ચૂંટણીમાં પરિણામ સાનુકૂળ ન આવે તો તેને ખોટું જાહેર કરવામાં આવે છે. આ યોગ્ય નથી. જો કોઈપણ પાર્ટીને EVMમાં વિશ્વાસ ન હોય તો તેણે ચૂંટણી ન લડવી જોઈએ.



# પ્રિયંકા ગાંધી 'પેલેસ્ટાઈન' લખેલી બેગ લઈને સંસદ પહોંચતા હંગામો મચ્યો

નવીદિલ્હી,તા.૧૬

કોંગ્રેસનો પેલેસ્ટાઈન પ્રત્યેનો પ્રેમ ફરી એકવાર દેખાઈ આવ્યો છે. પ્રિયંકા ગાંધીની એક તસવીર સામે આવી છે જેમાં તેમની બેગ પર પેલેસ્ટાઈન લખેલું છે. કોંગ્રેસના સાંસદ આ બેગ લઈને સંસદ પહોંચ્યા હતા. હવે આ બેગને લઈને રાજકીય લડાઈ શરૂ થઈ ગઈ છે. ભાજપે પ્રિયંકા ગાંધી પર પ્રહારો કર્યા છે. કેન્દ્રીય મંત્રી એસપી સિંહ બઘેલે કહ્યું કે પ્રિયંકા મુસ્લિમ મતદારોને ખુશ કરવા માટે પેલેસ્ટાઈન લખેલી બેગ લઈને આવી છે.



# વડાપ્રધાન મોદીએ વિજય દિવસ પર ૧૯૭૧ના નાયકોને શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૧૬

આખો દેશ ૧૯૭૧ના યુદ્ધમાં મળેલા વિજયને યાદ કરીને વિજય દિવસની ઉજવણી કરી રહ્યો છે. ૧૯૭૧ના યુદ્ધમાં ભારતીય સેનાએ પાકિસ્તાની સેનાને ઘૂંટણિયે લાવી તેમને આત્મસમર્પણ કરાવ્યું હતું. તેમજ પૂર્વ પાકિસ્તાનને પાકિસ્તાની ક્રૂરતામાંથી મુક્ત કરી આજના બાંગ્લાદેશને આઝાદી અપાવી. આ સમયગાળા દરમિયાન, ભારતીય સેના સામે ૯૩,૦૦૦ પાકિસ્તાની સૈનિકોએ આત્મસમર્પણ કર્યું હતું, જે બીજા વિશ્વયુદ્ધ પછીની સૌથી મોટી સંખ્યા હતી. જેને લઈને આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૯૭૧ના યુદ્ધમાં સામેલ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી છે.



## અવસાન નોંધ

**ગઢડા**

ગામ-પાડાપાણ તા.ગઢડા જિલ્લો-બોટાદ નિવાસી સ્વ. પરસોતમભાઈ દિયાળભાઈ પાંચાણી તા. ૧૬/૧૨/૨૦૨૪ ના રોજ રામચરણ પામ્યા છે. તેઓ તુષારભાઈ પાંચાણીના દાદા તથા રામજીભાઈનાં બાપુજી થાય છે.

# શ્રીલંકન રાષ્ટ્રપતિએ ભારતમાં પ્રધાનમંત્રી મોદી સાથે મુલાકાત કરી

ન્યુ દિલ્હી,તા.૧૬

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમાર દિસાનાયકે સોમવારે દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવન ખાતે દિસાનાયકેનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન જોઈન્ટ ડિફેન્સ ફોર્સે શ્રીલંકાના રાષ્ટ્રપતિને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. દિસાનાયકે સાથેના સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે હું શ્રીલંકાના રાષ્ટ્રપતિનું ભારતમાં હાર્દિક સ્વાગત કરું છું. મને ખુશી છે કે રાષ્ટ્રપતિ બન્યા બાદ તેમણે તેમની પ્રથમ વિદેશ યાત્રા માટે ભારતની પસંદગી કરી છે. આ મુલાકાત બંને દેશોના સંબંધોમાં નવી ઉર્જાનું સર્જન કરી રહી છે. અમે અમારી ભાગીદારી માટે ભવિષ્યવાદી વિઝન અપનાવ્યું છે. તેઓ ૧૫ ડિસેમ્બરથી ૧૭ ડિસેમ્બર સુધી ભારતની રાજકીય યાત્રા પર છે. આ પહેલા રાષ્ટ્રપતિ દિસાનાયકેએ સોમવારે રાજઘાટ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

# ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચમાં ભારતે માત્ર ૫૧ રનમાં ૪ વિકેટ ગુમાવી

બ્રિસબેન,તા.૧૬

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલી રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટમાં સોમવારે માત્ર ૩૩ ઓવર જ નાખી શકાઈ હતી. ધ ગાબા મેદાન પર રમાઈ રહેલી આ મેચના ત્રીજા દિવસે ખરાબ પ્રકાશને કારણે સ્ટમ્પ્સ ડિક્લેર કરી હતી. દિવસની રમતના અંત સુધીમાં ભારતે પહેલી ઈનિંગમાં ૪ વિકેટે ૫૧ રન બનાવ્યા હતા. કેએલ રાહુલ ૩૩ રન બનાવીને અને કેપ્ટન રોહિત શર્મા (૦) પણ અણનમ પરત ફર્યો હતો. દિવસના બીજા સેશનમાં રિષભ પંત ૯ રન બનાવીને આઉટ થયો હતો. તેને પેટ કમિન્સે વિકેટકીપર એલેક્સ કેરીના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. વિરાટ કોહલી (૩ રન) જોશ હેઝલવુડનો શિકાર બન્યો હતો. યશસ્વી જયસ્વાલ (૪ રન) અને શુભમન ગિલ (૧ રન)ને મિચેલ સ્ટાર્કે પેવેલિયન મોકલ્યા હતા. આ પહેલા ઓસ્ટ્રેલિયા તેની પ્રથમ ઈનિંગમાં ૪૪૫ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ટીમે ૪૦ રનમાં છેલ્લી ૩ વિકેટ ગુમાવી દીધી હતી. એલેક્સ કેરી ૭૦ રન બનાવીને આઉટ થયો હતો. જસપ્રીત બુમરાહે ૬ વિકેટ લીધી હતી.



**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૯૬/૨૦૨૪

**પ્રતિ**
શ્રી ભીખાભાઈ કાનાભાઈ રાઠોડ
રહે.બોડવા, તાલુકો- કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...**અરજદાર**
વકીલશ્રી એમ.એમ.કાતિરા રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, બોડવા
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...**સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના બોડવા ગામના રહીશ શ્રી કાનાભાઈ ધનાભાઈ રાઠોડ તથા શ્રી ભાણીબેન કાનાભાઈ રાઠોડનો પુત્ર શ્રી ગોરધનભાઈ કાનાભાઈ રાઠોડનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૨ માં કોડીનાર તાલુકાના બોડવા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના બોડવા ગામના સને.૧૯૬૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

# રાજ્યમાં જીએસટી વિભાગના મોટાપાયે દરોડા, ૨૦૦ કરોડની કરચોરી ઝડપી પાડી

અમદાવાદ,તા.૧૬



રાજ્યમાં સ્ટેટ જીએસટી કમિશને એકસાથે નવ શહેરોમાં પાડેલા દરોડામાં ૨૦૦ કરોડ રૂપિયાની કરચોરી પકડાઈ છે. સ્ટેટ જીએસટી કમિશને અમદાવાદ ઉપરાંત ફિરોઝાબાદ, જામનગર, રાજકોટ સહિત નવ શહેરોમાં દરોડા પાડ્યા છે. સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા એકસાથે ૨૫ સ્થળોએ કાર્યવાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં પણ જીએસટીએ સ્ક્રેપ ડીલરને ત્યાં દરોડા પાડ્યા હતા અને તેને ત્યાંથી અનેક દસ્તાવેજ જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જામનગર અને રાજકોટમાં તેલના વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. કરચોરીની તપાસ હજી પણ ચાલુ છે અને આ આંકડો હજી પણ વધી શકે છે. અધિકારીઓએ બનાવટી ખરીદ બિલ અને વેચાણ દસ્તાવેજ જપ્ત કર્યા છે.

સ્ટેટ જીએસટી વિભાગે રાજ્યના નવ શહેરોમાં ૪૩ વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા છે. રાજ્યના ૯ શહેરોમાં ૪૩ જિલ્લાના રેસ્ટોરન્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યના વેપાર વિભાગ દ્વારા રાજ્યભરમાં દરોડા પાડવામાં આવ્યા છે.

# અમરેલીમાં તાપમાનનો પારો ૧૦ ડિગ્રીની નીચે, રાજ્યના તાપમાનમાં સામાન્ય વધારો


અમદાવાદ,તા.૧૬



ગુજરાતમાં ઉત્તર અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ઠંડીનું જોર યથાવત છે. મધ્ય ગુજરાતમાં થોડું જોર ઘટ્યું છે. ૭.૮ ડિગ્રી સાથે નલિયા ઠંડુંગાર રહ્યું હતું. તો ડીસા અને અમરેલીમાં પણ તાપમાનનો પારો ૧૦ ડિગ્રી નીચે જતો રહ્યો હતો. આ ઉપરાંત રાજ્યના અન્ય ચાર મહાનગરોમાં લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો નોંધાયો હતો. અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ, વડોદરાનું ૧૨ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૫.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ ગુજરાત રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેવાની સાથે પવનની ગતિ પણ ૫ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે રહેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છના ભાગ ઉપર ઉત્તર દિશા તરફથી સીધા પવન આવતા ઠંડીનું પ્રમાણ યથાવત રહેશે તથા એક ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો ઘટાડો નોંધાવાની શક્યતા છે. જ્યારે ઉત્તર મધ્યને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન આવતા આગામી પાંચ દિવસ તાપમાન યથાવત રહેવાની શક્યતા છે. એટલે કે અમદાવાદ સહિત ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ઠંડીનું જોર યથાવત રહેશે તથા દિવસ દરમિયાન પવનની ગતિ પણ ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની અનુભવાઈ શકે છે.

# રાજય સરકારનો નિર્ણય : ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં ૬ મહિનાનો વધારો

ગાંધીનગર,તા.૧૬




ગુજરાત સરકારે ઈમ્પેક્ટ ફીને લઈને એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. ગુજરાત સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત પાંચમીવાર વધારો કરાતાં હવે વધુ છ મહિનાની મુદત લંબાવવામાં આવી છે. અગાઉ ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં ચાર વખત વધારો કરવામાં આવ્યો હતો.

રાજ્યમાં બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટેની ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત વધુ ૬ મહિના માટે લંબાવાઈ છે. ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત પાંચમી વખત વધારો કરવામાં આવ્યો છે. ચોથી વખત અપાયેલી ૬ મહિનાની મુદત ૧૬મી ડિસેમ્બર એટલે કે આજે પૂર્ણ થઈ રહી હતી. હવે નવી તારીખ ૧૭મી ડિસેમ્બર મંગળવારથી આગામી છ મહિના સુધી મુદતમાં વધારો કરવામાં આવ્યો છે.

# હળવદ નજીક રેલવે ટ્રેક ઓળંગી રહેલી મહિલા ટ્રેનની અડફેટે, બે પુત્રના મોત

હળવદ,તા.૧૬




મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં એક હચમચાવી દેનારી ઘટના બની છે. રણજીતગઢ અને કેદારીયા ગામની વચ્ચે આવેલા ૧૦૯ નંબરના નાળા નજીક આજે (૧૬ ડિસેમ્બર) બપોર ૧૨:૩૦ વાગ્યા આસપાસ મંગુબેન બજાણીયા નામની મહિલા તેના ત્રણ બાળકોને લઈને રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન માલગાડીની અડફેટે બે માસૂમ બાળકોના કરૂણ મોત નિપજ્યાં છે. ગોપી બજાણીયા (ઉં. ૫ વર્ષ) અને નિકુલ બજાણીયા (ઉં. ૩.૫ વર્ષ)ના મોત નિપજ્યાં છે. જ્યારે મહિલા મંગુબેન બજાણીયાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક મોરબી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જો કે, આ દુર્ઘટનામાં અન્ય એક દોઢ વર્ષના બાળકનો ચમત્કારિક બચાવ થયો છે.

# સૌરાષ્ટ્રના માછીમારોને કારણે દક્ષિણ ગુજરાતના માછીમારોનું વિરોધ પ્રદર્શન



## સમાધાન નહી થાય તો ૭૦૦ માછીમારોની આંદોલનની ચીમકી

ઉમરગામ,તા.૧૬

ગુજરાતના માછીમારો વચ્ચે હદને લઈને વિવાદ વકર્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના માછીમારો માછીમારી મુદ્દે સામસામે છે. ઘણી વાર માછીમારીને પગલે દરિયા વચ્ચે ઘર્ષણના દૃશ્યો જોવા મળતાં હોય છે. ત્યારે સૌરાષ્ટ્રના જાફરાબાદ સહિત વિસ્તારના માછીમારો ઘૂસીને માછીમારી કરી જતાં હોવાથી દક્ષિણ ગુજરાતના માછીમારોની રોજગારી છીનવાતી હોવાનો આરોપ લગાવી રહ્યા છે. આ મુદ્દે વલસાડના ઉમરગામ ખાતે માછીમારોએ વિરોધ પ્રદર્શન કર્યુ હતું. માછીમારોએ આજે બંધ પાળીને માછીમારીથી અળગા રહ્યા હતા. આ મુદ્દે સમાધાન નહીં થાય તો વલસાડથી ભરૂચના ૭૦૦ માછીમારો આંદોલન કરશે તેવી ચીમકી અપાઈ છે. વલસાડ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાના કલેક્ટરોને આવેદનપત્ર પાઠવી માછીમારોએ સૌરાષ્ટ્રના જાફરાબાદ સહિતના વિસ્તારના માછીમાર મોટી બોટ લઈને વલસાડ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના માછીમારીની સરહદમાં પ્રવેશી નાના માછીમારોની જાળને નુકસાન પહોંચાડી આર્થિક નુકસાની પહોંચાડી રહ્યા છે. માછીમાર સંઘ દ્વારા પણ સમાધાન કરવાનો પ્રયાસ કરવા છતાં કોઈ કાર્યવાહી ન કરતા દક્ષિણ ગુજરાતના તમામ કલેક્ટર સહિત ગાંધીનગર સુધીના અધિકારીઓને માછીમાર સંઘ દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી છે.

# લખપત તાલુકાના ઘડુલી નજીક ટ્રેલર પાછળ બાઈક ઘૂસી જતા બેના મોત

લખપત,તા.૧૬



લખપત તાલુકાના ઘડુલીથી અંદાજે અડધા કિલોમીટરના અંતરે દયાપર તરફ જતા હાઈવે માર્ગ પર મોડી રાત્રીના સાડા ત્રણ વાગ્યાના અરસામાં અકસ્માત થયો હતો. તાલુકાના જુણાચાયના રહેવાસી જાડેજા હઠુભા દાનસંગજી તેમજ દયાપરના રહેવાસી જાદવ પ્રફુલકુમાર પ્રેમજીભાઈ બાઈક દ્વારા ઘડુલી તરફ જઈ રહ્યા હતા ત્યારે હાઈવે માર્ગ પર ઉભેલા પવનચક્કીના લાંબા ટ્રેલરની પાછળના ભાગે બાઈક ઘૂસી જતા બાઈક પર સવાર બંને લોકોના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. ઘટના અંગેની જાણ દયાપર પોલીસને થતા પીએસઆઈ કે.એ. જાડેજા સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. બનાવ બાદ બંને લોકોને દયાપર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવતા ફરજ પરના તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા, અકસ્માતમાં મૃત્યુ પામેલા બંને લોકો ઉમરસર નજીક આવેલ લિગ્નાઈટ ખાણની ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાથી તેઓ વહેલી સવારે પોતાની ફરજ પર જઈ રહ્યા હતા ત્યારે આ બનાવ સર્જાયો હતો. મૃતકોના પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

# છઠ્ઠા પગાર પંચ હેઠળ કામ કરતા કર્મીઓ માટે મોંઘવારી ભથ્થામાં વધારો કરાયો

ગાંધીનગર,તા.૧૬

રાજ્ય સરકારે છઠ્ઠા પગાર પંચ હેઠળ કામ કરતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કર્યો છે. આ કર્મચારીઓના પાંચ મહિનાના પગારનો તફાવત ડિસેમ્બરના પગાર સાથે જાન્યુઆરી મહિનામાં ચૂકવવામાં આવશે. રાજ્ય સરકારની આ જાહેરાતનો લાભ લાખો કર્મચારીઓ અને પેન્શનરોને મળશે. રાજ્ય સરકારની જાહેરાત પ્રમાણે આ મોંઘવારી ભથ્થું જે કર્મચારીઓ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણ પ્રમાણે પગાર મેળવે છે તેવા કર્મચારીઓ અને પેન્શનરોના ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે છઠ્ઠા પગાર પંચ પ્રમાણે પગાર મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં ૧ જુલાઈ ૨૦૨૪થી વધારો કરવાનું નક્કી કર્યું છે.

# ઉત્તરાયણ પહેલા દોરીએ વડોદરાના યુવકનો જીવ લીધો

(એચ.એસ.એલ),વડોદરા,તા.૧૬

ઉત્તરાયણ પહેલા દોરીને કારણે વધુ એક યુવાનનું મોત નિપજ્યું છે. વડોદરના સોમા તળાવ પાસે ગળામાં પતંગનો દોરો ભરાઈ જતાં બાઈક સવાર ફૂડ ડિલિવરી બોયનું મોત નિપજ્યુ છે. જેના કારણે પરિવારનો માળો વિખરાઈ ગયો છે. આ યુવાનના બે નાના બાળકોએ પિતાનો આધાર ગુમાવ્યો છે. હાલ પરિવારમાં આઘાત અને શોક ફેલાઈ ગયો છે.













